Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું. } અંક ૧૨ મો. }

{ ફાલ્ગુન. { સંવત ૧૯૮૦

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | જિનવર સ્તુતિ. .... ..... ( ભીખાભાઇ છગનલાલ ) | ૩૬૯ |
| ૨ | દર્દીનો પોકાર. .... .... ( પદ્ય ) ,, .... .... | ૩૭૦ |
| ૩ | આત્મોપદેશ. .... .... ( પદ્ય ) ,, .... .... | ૩૭૧ |
| ૪ | બોધદાયક દોહરા. .... ( ચુનીલાલ સોભાગચંદ ) | ૩૭૧ |
| ૫ | શત્રુંજયના યાત્રાળુ માટે સમયોચિત બે બોલ. [સ. ક. વિ.] | ૩૭૨ |
| ૬ | દરેક જૈન યાત્રાળુને અગત્યની સૂચના. .... ,, | ૩૭૩ |
| ૭ | પ્રભુ મહાવીરની જયંતિને અંગે બે બોલ. .... ,, | ૩૭૫ |
| ૮ | પ્રશ્નોત્તર. .... .... (પ્રશ્નકાર ડાહ્યાભાઇ મોતીચંદ) | ૩૭૭ |
| ૯ | હિતશિક્ષાના રાસનું રહસ્ય. (સંપૂર્ણ—તંત્રી.) | ૩૮૧ |
| ૧૦ | જૈન સાહિત્ય સેવા. .... .... .... ( મૌક્તિક ) | ૩૮૮ |
| ૧૧ | જૈન શાસનની અપૂર્વ ઉદારતા. ( મુનિ ચમરેંદ્રવિજય. ) | ૩૯૨ |
| ૧૨ | તત્ત્વાર્થનું રહસ્ય, વાર્તારૂપે. (ચીમનલાલ. દ. શાહ) | ૩૯૫ |
| ૧૩ | બ્હેનોને વિનંતિ. .... [ મોહનલાલ ડી. ચોકસી ] | ૩૯૮ |
| ૧૪ | વર્તમાન સમાચાર. .... .... .... .... | ૪૦૦ |
| ૧૫ | સભાને મળેલી ઉદાર દિલની સખાવત. .... .... | ૪૦૨ |
| ૧૬ | શ્રી તાળધ્વજ તીર્થ સંબંધી નિર્ણય .... .... | ૪૦૨ |
| ૧૭ | પુસ્તકો વિગેરેની પહોંચ. ટાઇટલ પેજ ૩ જું. | |


પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦

પોસ્ટેજ રૂ. ૦-૪-૦

ભાવનગર—'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

૧ છપાયું છે.

૧ [illegible] કલ્પદ્રુમ. આવૃત્તિ બીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર–વિભાગ ૨ જો.
૩ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી.)
૪ શ્રી [illegible]ાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૫ શ્રી [illegible] રાસનું રહસ્ય. (જૈનધર્મપ્રકાશમાંથી)
૬ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. (આવૃત્તિ ૩ જી.)
૭ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૮ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ, કથાઓ સહિત.
૯ નવાણું યાત્રાનો અનુભવ. (આવૃત્તિ બીજી)

### ૨. તૈયાર થાય છે.

૧૦ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર
૧૧ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો. (નાના નાના પ્રકરણો–સાર્થ.)
૧૨ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

---

## એક સુધારો.

ગયા અંકમાં પ્રશ્નોત્તરના લેખમાં પ્રશ્નકાર તરીકે જીવનલાલ અમરશી લખ્યા છે તે ભૂલ છે, ત્યાં જીવનલાલ રાયચંદ. બનેડા. એમ વાંચવું.

---

## સાધુ સાધ્વીને અવશ્ય કરવાના કાઉસ્સગ્ગ.

ચૈત્ર શુદિ ૧૧–૧૨–૧૩ અથવા ૧૨–૧૩–૧૪ અથવા ૧૩–૧૪–૧૫ મે દેવસી પ્રતિક્રમણમાં સઝાય કર્યા પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ અચિત્તરજ ઓહડાવણીયથ્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં. કરેમિ કાઉસગ્ગં, અન્નથ્થ૦ કહી ચાર લોગસ્સનો સાગરવરગંભીરા સુધી કાઉસ્સગ્ગ કરવો. પારીને લોગસ્સ કહેવો.

આ હકીકત ભૂલી ન જવાય માટે યાદ આપેલ છે.

---

## શ્રી પૂજાસંગ્રહ.

શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર કૃત પાંચ, મુનિરાજ શ્રી હંસવિજયજી કૃત એક અને મુનિરાજશ્રી વલ્લભવિજયજી કૃત ૧૫ કુલ ૨૧ પૂજાનો સંગ્રહ ગુજરાતી સુંદર ટાઇપમાં, ઉંચા કાગળ ઉપર માસ્તર મોહેકલાલ નાનજી છપાવે છે. થોડાક વખતમાં બહાર પડશે. કુલ પૃષ્ટ ૫૦૦ થશે, છતાં કિંમત રૂ. ૨) રાખેલ છે. ખર્ચ વધારે થશે તે માસ્તર આપવાના છે. મંગાવવા પત્ર લખો—

(પ્રકાશક)—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] ફાગણ-સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [ અંક ૧૨ મો.

## શ્રી જિનવર સ્તુતિ.

( લેખક શા. ભીખાભાઇ છગનલાલ )

વસંત તિલકા.*

જેવી રીતે શીતળતા જળમાં રહી છે, વૈરાગ્યમાં વિમળતા પ્રસરી રહી છે;
પુષ્પે પરિમલ યથા સ્થળવાસ રૂપે, દુઃખો અમાપ જીવને ભવરૂપ કૂપે. ૧
તેવી રીતે ત્રિજગનાથપણું તમારૂં, જે જ્ઞાન ત્રણ ધરવે દુઃખ કાપનારૂં;
છે જન્મથીજ પ્રભુ સિદ્ધ સ્વભાવથી તે, ચેષ્ટાદિ બાળવયની કરતાં વિભાવે. ૨

\+ \+ \+ \+ \+

સંસાર મારૂમહિમાં મહિમા તમારો, પ્રખ્યાત કલ્પતરૂ તુલ્ય છતાં ગમારો;
બીજે ભમે રવિ છતાંય પ્રકાશ માટે, (પણ) ના રોહણાચળવિના મણિ અન્યસ્થાને. ૩

* આ કાવ્યોમાં રહેલા ભાવ, કલિકાળ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમન્ હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્રમાં ઇંદ્રે કરેલ પ્રભુની સ્તુતિના કાવ્યો માંથી લીધેલ છે.

For Private And Personal Use Only

[illegible] શ્રદ્ધરૂપ શ્રદ્ધકર્મના છો. આધારસ્તંભ સમ સુદૃઢ ધર્મના છો;
[illegible] નિવારક વિશ્વ રિપુમર્મના છો, શૃંગાર એકજ અહો જનાદુર્ગ્ય[1]ના છો. ૪
[illegible] સ્વયંભૂરમણોદધિની ગણાયે, વૃષ્ટિની બિંદુ ગણુતી કદી નક્કી થાયે;
[illegible] પાપપૂર્ણ પૃથ્વી નિજ પાપ આપે, તારો ન તોય ગુણ લેશ કદી ગવાયે. ૫

× + + +

આર્થી વિના પ્રભુ સહાયક સાર્થવાહ, વાત્સલ્યવાન વિણ કારણ વિશ્વવાહ;
સંબંધ લેશ [illegible] બાંધવ તોય આપ, દીધું ન લીધું લવ[2] યદ્યપિ તોય નાથ. ૬
જે દેહ ત્યાગ કરી ભાગ્ય ન અન્ય પામે, ઉદાસી આપ યદિ ત્યાં ચરણે વિરામે;
ઈચ્છે ન જે ધનપતિ ધન ત્યાં ભરાયે, છે શું જરૂર વનને જડીબુટ્ટી થાયે. ૭

× × + +

( પણ મ્હારા નાથ મ્હારે તે કરવું શું ? કારણકે— )
ચિંતારહિત ફળની વિભુ હું અને આ, મૂર્ત્તિ તમારી ફળરૂપજ શું કરૂં ત્યાં ?
એવા વિચારવમળે જડ આ મનેથી, હું શું કરૂં કરી પ્રસાદ બતાવી દ્યોને. ૮

# દર્દીનો પોકાર.

( લેખક-શા. ભીખાભાઇ છગનલાલ. )

## ગઝલ.

અમો દર્દી સદાનાને, બતાવો કો દવા સારી;
સહેલા સર્વ ભાગોને, ઝડપથી જે ફઝવનારી.
અમારા રોગ બહુ જૂના, ઘણા ઉંડાણમાં લુણા;
તપાસોને ખૂણે ખૂણા, બન્યા ભવવ્યાધિએ સૂના.
અમારો એ પિતા માતા, અમારો એ જીવનદાતા;
અમારો સત્ય એ ત્રાતા, પમાડે જેહ સુખસાતા.

૧ કુબેરી ૨ કિંચિત્

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મોપદેશ.

( સર્વે મૂકી ચાલ્યા જવું છે. )

ચેતનજી ! ચેતો, કોઇ નહિ દુનિયામાં ત્હારૂં.—એ દેશી.

જાણી લે જીવડા, મુકીને ચાલવું છે માયા;
છોડી આ જાવું સર્વે, પાકા નહિ કોઇના પાયારે. જાણી૦ ટેક

બહુ બળવાન બહુ ઋદ્ધિવાળા, રાવણ આદિ કઇ રાયા;
છત્રપતિ ને ચક્રવર્ત્યાદિક સર્વે, ચિતામાં નાંખીને ચેતાયારે. જાણી૦૧
સાધુ સંત ખાખી ફકીર સંન્યાસી, મુદ્દલ ના રાખતા માયા;
પંડિત પુરાણી અમીરાદિ પ્હોંચ્યા તે, પરવાના કોઇએ ના પડાયારે. જાણી૦૨
બાગ બંગલા હાટ હવેલી બનાવી, લાડી ને ગાડીથી લોભાયા;
એશઆરામમાં અતિ અલબેલા, કુટી બાળી તેઓની કાયારે. જાણી૦૩
સંસારે સ્વાર્થના સર્વે સંબંધી, એ તો ના એકે કામ આયા;
અંતે જીવ ત્હારો જવાનો એકલો, પ્રેમી પ્રજાળે ત્હારી કાયારે. જાણી૦૪
હું ને મ્હારૂં એ હરદમ હેતથી, જપનાર કહીં ઝડપાયા;
નહિ હું ને વળી નહિ કોઇ મ્હારૂં, મંત્રથી કઇક મુકાયારે. જાણી૦૫
જવાનુ અંત ખરૂં જાણી લે નગીના, સદ્દગુરૂએ શબ્દ એ શીખાયા;
તેથી કામ ત્હારૂં થવાનું તડાકે, જપોને જાપ જિનરાયારે. જાણી૦૬

# બોધદાયક દોહરા.

વણ બોલાવ્યા બહુ બકે, વણ તેડાવ્યા જાય;
વિવેકને નહીં ઓળખે, એ મૂરખના રાય. ૧
ભણતાં કદી થોડું ભણ્યો, શીખ્યો વચન વિવેક;
સભા વિષે તે શોભતો, એ ગુણ પામી એક. ૨
વિવેક વિનાનું માનવી, સમજે પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પગ મુખ કાન. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભ ઘટાડે લાજને, લોભે લક્ષણ જાય;
જેણે રાખ્યો લોભને, ખાંતે ખત્તા ખાય. ૪
વાત[1] ફરે વાદળ ફરે, ફરે નદિના પૂર;
ઉત્તમ બોલ્યા નવ ફરે, પશ્ચિમ ઉગે સૂર. ૫
સાકર ન તજે સરસપણું, સોમલ તજે ન ઝેર;
સજ્જન તજે ન સજ્જનતા, દુર્જન તજે ન વેર. ૬
આળસમાં દુઃખ અતિ ઘણું, ભર્યો રહે ભરપૂર;
તે માટે સજ્જન તમે, કરો દેહથી દૂર. ૭
આળસ તજી ઉદ્યમ કરો, ચિત્તમાં કરી વિચાર;
સુખ પામે જન સર્વદા, વળી સુધરે સંસાર. ૮
કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર વીત્યો જાત હે, ફેર કરેગા કબ? ૯
વ્યાપારે ધન સાંપડે, ખેતી થકી અનાજ;
અભ્યાસે વિદ્યા મળે, ખાંડા[2]બળથી રાજ. ૧૦

સંગ્રાહક-ચુનીલાલ સોભાગ્યચંદ.
ડીસા:કાંપ

# શત્રુંજય તીર્થની યાત્રાની ઈચ્છા ને ઝંખના રાખનારા ભાઈબ્હેનો પ્રત્યે સમયોચિત બે બોલ.

(લેખક-સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી.)

કઈક ઉત્તમ જૈન ભાઈ બ્હેનો આત્માના કલ્યાણ માટે પ્રતિવર્ષ શત્રુંજયાદિ કોઈ ને કોઈ તીર્થની યાત્રાર્થે નિયમિત જવાને ટેવાયેલાજ હોય છે. ત્યારે કેટલાએક ભાઈ બ્હેનો સંયોગોની પ્રતિકૂળતાથી કે આળસ ને કૃપણતાદિક કાઠીયાની પરવશતાથી ભાગ્યેજ પવિત્ર તીર્થયાત્રાનો લાભ લઈ શકે છે. જો આળસ કે કૃપણતાદિક દોષોને દૂર કરી શકાય તો પછી શત્રુંજય જેવા પવિત્ર તીર્થરાજની યાત્રા-સેવા ભક્તિનો લાભ સહેજે લઈ શકાય. કેટલાએક મુગ્ધ ભાઈ બ્હેનો તીર્થયાત્રા કરવા જવાની કે તેવાં બીજાં ધર્મઆચરણ કરવાની ભાવનાજ ભાવતા બેસી રહે છે; પરંતુ ખરી તકે પુરૂષાતન ફોરવીને ધાર્યું કામ કરતા નથી, તેથી

૧ પવન. ૨ તલવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ આત્માની કશી ઉન્નતિ સાધી શકતા નથી. જેમણે નવાણું યાત્રા વિધિસર કરવીજ હોય, અથવા કંઇક અધિક સ્થિરતાથી આવા પવિત્ર તીર્થની યાત્રાનો લાભ લેવોજ હોય તેમને માટે અત્યારે સારી અનુકૂળતા લેખી શકાય. પાલીતાણાના રાજ્ય સાથે યાત્રિકો માટે ચાલીશ વર્ષ માટે થયેલ કરાર પૂરો થઇ જાય તે પહેલાં ભારતવાસી દરેક શ્રાવક શ્રાવિકા પેટ ભરી ભરીને આ પવિત્ર તીર્થરાજની યાત્રાનો લાભ જરૂર લઇ લે એ ખાસ ઇચ્છવા યોગ્ય છે. જો કે કરાર પૂરો થયા બાદ રાજ્યાધિકારીઓને સદ્બુદ્ધિ સૂઝે અને જૈનો સાથે સારો એખલાસ સાચવી રાખવા સુલેહ શાન્તિથી વર્તે, સંતોષકારક સમાધાન કરી લે. તો તીર્થરાજની યાત્રા કરવા ઇચ્છનારાઓને અંતરાય ઉભો નજ થાય; તોપણ સુજ્ઞ જનોએ અગમચેતી વાપરી મનમાં તે બાબત કશી અળખામણી ન રહે તેવો અને તેટલો બધો લાભ લેવા મળેલી સ્વાધીન તક તો ગુમાવવી નહીંજ. તે માટેજ આ હાર્દિક પ્રેરણા કરી છે. ઇતિશમ્.

## પવિત્ર તીર્થયાત્રાએ જતા દરેક જૈન યાત્રાળુને અગત્યની સૂચના.

( લેખક–સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

" अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विमुच्यते; तीर्थस्थाने कृतं पापं, वज्रलेपं भविष्यति "—અન્ય સ્થળે કરેલું પાપ તીર્થસ્થાને સદ્વિવેક યોગે છૂટે છે, પરંતુ અવિવેકતાથી તીર્થસ્થાનમાં કરેલું પાપ વજ્રલેપ થાય છે. એમ સમજી દરેક યાત્રાળુએ નીચેની હકીકત જરૂર લક્ષ્યમાં રાખવી ઘટે છે.

૧ શત્રુંજય, ગિરનાર, આબુગઢ, સંમેતશિખર, પાવાપૂરી ને ચંપાપૂરી વિગેરે ગમે તે પવિત્ર તીર્થસ્થળની યાત્રા કરવાના અર્થી ભાઇબ્હેનોએ પોતાના પરિણામ કોમળ રાખીને, યાત્રાનો લાભ લેવાને આવતા અન્ય યાત્રાળુઓની પણ યોગ્ય સગવડ સાચવવા ભૂલવું નહીં.

૨ આપણે જાતે થોડું ઘણું કષ્ટ વેઠીને પણ સામાની સગવડ સાચવવી–સાચવવા પૂરતી કાળજી રાખવી. એ નિઃસ્વાર્થ સેવાનો લાભ ચૂકવો નહીં. સ્વાર્થની ખાતર તો સહુ કોઇ થોડું ઘણું કષ્ટ સહન કરે છેજ, પરંતુ પરમાર્થની ખાતર જાણી બુઝીને કષ્ટ સહન કરવામાંજ વડાઈ રહેલી છે.

૩ મુસાફરી દરમિયાન રેલ્વે–ટ્રેઇનમાં, બેલગાડી કે ઘોડાગાડી વિગેરેમાં, તેમજ ધર્મશાળામાં એ રીતે નિઃસ્વાર્થપણે વર્તતાં ઘણો લાભ ઉઠાવી શકાય, એક બીજાને મદદગાર થઈ શકાય અને અન્યને આદર્શરૂપ બની અનેક જનોને સમાજસેવા ને શાસનસેવામાં માર્ગદર્શક બની શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ઘર આગળ આવતા મેમાન પરોણાની સેવા ચાકરી કરીએ તેથી અ-ધિક પ્રેમથી પવિત્ર તીર્થયાત્રા પ્રસંગે મળતા યાત્રિકોની સેવા ચાકરી કરવી ઘટે.

૫ પોતાને સુકાર્યાર્થી યાત્રાર્થે નીકળ્યા ત્યારથી કોઇ પશુ કે પ્રાણીને ત્રાસ આપવો ન ઘટે. ખુલ્લા–અણવાણે પગે ચાલતાં જાત્રા કરવાનું ફળ વર્ણવી ન શકાય એટલું બધું કહ્યું છે. તે મોજશોખની ધૂનમાં સુખશીલતાથી ગુમાવી દેવું ન ઘટે; કારણ કે સમજીને દેહદમન કરવાનું ભારે ફળ કહ્યું છે.

૬ શરીરની ક્ષીણતાદિક ખાસ માંદગીના કારણ સિવાય ગર્ભશ્રીમંતોને પણ છતીશક્તિએ જયણાપૂર્વક અણવાણે પગે ચાલીનેજ તીર્થયાત્રા કરવી ઘટે; કેમકે આપણે કર્મથી હળવા થવા માટેજ તીર્થયાત્રા કરવા જઇએ છીએ, ભારે થવાને તો નહીંજ, એ મુદ્દાની વાત ભૂલવી નહીં જોઇએ.

૭ જીવિતવ્ય સહુને વહાલું છે, તો પછી છતી શક્તિ ગોપવી, જનાવરોને મહા ત્રાસ આપી, જયણા રહિત જાત્રા કરવા જવા આવવાનો અર્થ શો? પ્રભુની આજ્ઞા સાચવીનેજ યાત્રા કરી લેખે સમજવી.

૮ સહુ સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા–અનુકંપા, અને સદ્ગુણી પ્રત્યે પ્રમોદ તેમજ પાપી પ્રત્યે અદ્વેષ (ઉપેક્ષા) ભાવના રાખવાથીજ કરવામાં આ-વતી ધર્મકરણી સફળ થઇ શકે છે.

૯ પવિત્ર તીર્થની યાત્રા કરવા જતાં અને યાત્રા કરી નિવર્ત્યા પછી તો અવશ્ય અનીતિનો સર્વથા ત્યાગજ કરવો જોઇએ. પવિત્ર તીર્થની યાત્રા કર્યાની સફળતા ત્યારેજ લેખી શકાય.

૧૦ અનીતિવંતનું મનજ ધર્મકરણીમાં ચોંટી શકતું નથી અને મન વગરની બહાર દેખાવ પૂરતી કરેલી કરણી કે યાત્રા સારૂં ફળ આપી શકતી નથી. તેથીજ યાત્રિકોએ દયા, સત્ય, પ્રમાણિકતા અને સુશિલતા સાચવવા પૂરતી કાળજી રાખવી જોઇએ. એકડા વગરનાં ગમે તેટલાં મીંડાં કર્યાં શા કામના?

૧૧ પ્રભુનાં હિતવચનોને યથાશક્તિ અનુસરીને ચાલવાથીજ સ્વશ્રેય થઇ શકે છે.

૧૨ નિર્મળ તત્ત્વશ્રદ્ધા અને બોધ સહિત સદ્વર્તનવડેજ સ્વકલ્યાણ સાધી શકાય છે. પોતે હિતમાર્ગને દૃઢતાથી સેવનાર અન્યનું પણ હિત કરી શકે છે.

૧૩ યોગ્યતા મેળવ્યા વગર વસ્તુધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી, તેથી ઉત્તમ પ્રકારની ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ અને ઉદારતાદિવડે સુયોગ્યતા મેળવવા ચૂકવું નહિ. રૂડી યોગ્યતા પામેલો જીવ ચિંતામણિ રત્ન જેવો ધર્મ સહેજે પામી શકે છે.

૧૪ કોઇ જાતનું કુવ્યસન પડી ગયેલું હોય તો તે પવિત્ર તીર્થને ભેટીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર દૂર કરી દેવું જોઈએ. અને પવિત્ર તીર્થને ભેટી તપ-જપ-જ્ઞાન-ધ્યાન-વ્રતપચ્ચખ્ખાણ કરવાનું વ્યસન જરૂર વધારવું જોઇએ.

૧૫ જંગમ તીર્થ સમાન સદ્ગુણી સંતજનોનો સમાગમ કરી દોષમાત્ર દૂર કરવા માટે તેમની સ્વાર્થ વગરની હિતશિક્ષાને સહુએ જરૂર અનુસરવું જોઈએ.

૧૬ મન વચન કાયાથી સઘળી શુદ્ધિ સાચવી, સહુનું શ્રેય થાય એવું આપણી આસપાસ શુદ્ધ વાતાવરણ જમાવવું જોઇએ કે જેથી સ્વપરકલ્યાણની સિદ્ધિ જરૂર થવા પામે.

૧૭ શત્રુંજયતીર્થરાજ જેવા સર્વોત્તમ સ્થાનમાં બીજી ખટપટ તજી શાન્તિથી રહેનારજ સુખે સ્વહિત સાધી શકે છે. અંતરલક્ષથી જયણા સહિત પગે ચાલીને કરેલી એક પણ યાત્રા જેવી લાભદાયક છે તેવી જયણા રહિત ઉપયોગશૂન્યપણે કરાતી અનેક યાત્રાઓ પણ લાભદાયક થઇ શકતી નથી. તેથી તીર્થયાત્રા કરવા ઇચ્છતા સહુ ભાઇબ્હેનોએ જયણા સાચવવા માટે જરૂર પૂરતું લક્ષ્ય રાખવું જોઈએ. ઇતિશમ્.

---

**પ્રભુ મહાવીરની જયંતિ ઉજવવા સહુ ભાઇબ્હેનોને ભારે હોંશ હોય છે, તેથી તેની સાર્થકતા-સફળતા કરવા સારૂ સમયોચિત બે બોલ કહેવામાં આવે છે, તે લક્ષ્યમાં રાખી પ્રમાદ રહિત તેનું પરિપાલન કરવાની જરૂર છે.**

" અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.
" સાતે શુદ્ધિ સમાચરી, ધરી પ્રભુનું ધ્યાન;
અંતરના ઉલ્લાસથી, કરીએ નિત્ય પ્રણામ. "

શુદ્ધ દેવ ગુરૂ ને ધર્મનું આરાધન કરવા ઇચ્છનારા એટલે કે આત્મામાં દેવ ગુરૂ ને ધર્મને જાગ્રત કરવાના ખપી દરેક ભવ્યાત્માએ ઉપર સૂચવેલી સાતે પ્રકારની શુદ્ધિને યથાર્થ સમજી લઇ તેનો ચીવટથી આદર કરવો ઘટે છે. સમજ્યાનો સારજ એ છે કે જાતે ખરી વાતને આદરી બીજા અણસમજુ કે ઓછી સમજવાળા મુગ્ધ ભાઇબ્હેનોને શુદ્ધ પ્રેમભાવથી તે વાત ગળે ઉતારવા બનતો પ્રયત્ન કરવો, જેથી તેમનું તથા તેમની ભાવી પ્રજાનું પણ શ્રેય-કલ્યાણ સહેજે થવા પામે.

દ્રવ્ય ભાવ ભેદે બે પ્રકારની પ્રભુની પૂજા કહી છે. તેમાં મલિનારંભી ગૃહસ્થ શ્રાવક શ્રાવિકાને દ્રવ્યપૂજાપૂર્વક ભાવપૂજા અને નિરારંભી સાધુ સાધ્વીઓને કેવળ પ્રભુની આજ્ઞા આરાધન રૂપ ભાવપૂજા કરવાની કહી છે. પંચપ્રકારી અષ્ટપ્રકારી વિગેરે અનેક રીતે પ્રભુની અંગપૂજા ને અગ્રપૂજા થઇ શકે છે. ઉક્ત પ્રસંગે એ સાતે શુદ્ધિનો યથાયોગ્ય ખપ સહુ સજ્જન ભાઈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible]ઓની આવશ્ય કરવો પડે છે, તેમ કરવાથીજ દ્રવ્યપૂજાની સફળતારૂપ સદ્-ભાવ જાગ્રત થાય અને શાસ્ત્રોક્ત અનેક સદ્ભાગી સજ્જનોની પેરે એથી ભારે કર્મનિર્જરા અથવા સુકૃત-પુન્ય ઉપાર્જનરૂપ અમાપ લાભ થઈ શકે. તેથીજ આળસ ને કૃપણતાદિક દોષ તજી સાતે શુદ્ધિનો જરૂર સહુએ ખપ કરવો અને અન્ય ખપી જનોને તે સારી રીતે સમજાવવો. શત્રુંજયયાત્રાવિચારાદિક બુકમાં ઉક્ત હકીકત અધિક સ્પુટ કરીને સમજાવી છે, છતાં ખાસ ઉપયોગી જાણીને પ્રસંગોપાત અહીં પણ જણાવાય છે.

૧ શુદ્ધ ગાળેલા તીર્થજળાદિકવડે જયણાયુક્ત સર્વાંગ સ્નાન કરવું.
૨ શુદ્ધ નિર્દોષ રીતે બનેલાં અખંડ વસ્ત્ર અંગ ઉપર ધારણ કરવાં.
૩ ચપળતાદિક દોષને ટાળી નકામા સંકલ્પ વિકલ્પ રહિત મનને કરવું.
૪ સેવા ભક્તિ કરવાનું સ્થળ પ્રથમથીજ જયણા સહિત સાફ કરી લેવું.
૫ પૂજાના ઉપગરણ જોઇએ એવા સાફ જયણાયુક્ત રાખવાં.
૬ પ્રભુભક્તિપ્રસંગે વાપરવાની સર્વે વસ્તુઓ ન્યાયદ્રવ્યથી વસાવવી.
૭ દરેક પ્રસંગે વિધિનો યથાર્થ આદર કરવાનું ન ભૂલવું.

ઉપર પ્રમાણે દ્રવ્યપૂજા કરીને પછી અર્થગંભીર ચૈત્યવંદન સ્તવનાદિક સ્તુતિ પ્રભુના ગુણગર્ભિત ઉપયોગ સ્થિર રાખીને અખંડ પ્રેમ ઉલ્લાસથી સ્થિરતા મુજબ કરવાનું ભૂલવું નહિ, તેમ કરતાં બીજાનું મન પણ સાંભળવા લલચાય ને ઉપયોગ જાગ્રત થાય તેવી શાન્તિ જાળવીને બધું કરવું. "તીર્થપતિ ને તીરથસેવા, એ તો સાચા મોક્ષના મેવા." ઇ૦ "એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય; કારણ છતે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય." ઇ૦ વચનોની સાર્થકતા થાય તેવું લક્ષ્ય રાખવું. "પ્રીત અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ. ઋષભજિણંદશું પ્રીતડી." જીવને અનાદિકાળથી પરપુદ્ગલ સાથે અનંતી અપાર પ્રીતિ લાગેલી છે, તેની અસારતા વિચારી તેને તોડ્યા વગર પ્રભુ સાથે ખરી પ્રીતિ લાગી શકે તેમ નથી. ક્ષણિક ને કલ્પિત લેશમાત્ર સુખાભાસ મધુબિંદુની જેવો જોઇ મુગ્ધ જીવ તેથી લલચાઇ જન્મમરણનાં અનંત દુઃખ વ્હોરી લે છે; પરંતુ સાચા સદ્-ગુરૂના ઉપદેશામૃતથી વૈરાગ્ય જાગતાં વિષયાસક્તિ મોળી પડી જાય છે, અથવા સૂર્યના તાપથી ઝાકળની જેમ તે વિસરાળ થઇ જાય છે; એટલે શુદ્ધ દેવ ગુરૂ ને ધર્મપ્રત્યે સાચી પ્રીતિ જાગે છે, અને સમ્યગ્ જ્ઞાન વૈરાગ્યના સિંચનથી તે દિન દિન પ્રત્યે પુષ્ટ થતી જાય છે.

દ્રવ્યપૂજા ગૃહસ્થોને સાધનરૂપ છે અને ભાવપૂજા સાધ્ય છે. પ્રભુની ખરા દીલથી સ્તુતિ-સ્તવના-પ્રાર્થના કરી મનને પ્રભુના ગુણવડે રંગી દેવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એવા ઉત્તમ ગુણોનું પરિશીલન કરવાથીજ તેની સાર્થકતા થાય છે. હિંસાદિક દોષોથી વિરમવું અને અહિંસાદિકનો અત્યંત આદર કરવો. પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં લાગી રહેલી આસક્તિ તજવી અને ખરા વૈરાગ્યથી આત્માને વાસિત કરવો. ક્રોધાદિક ચારે કષાયોનો નિગ્રહ કરવો અને ક્ષમાદિક ઉત્તમ ગુણોનો આશ્રય કરવો. મન, વચન, કાયાના દુષ્ટ યોગ (વ્યાપાર)ને વર્જના અને વિચાર વાણી તથા આચારની શુદ્ધિ કરવી એ ભાવપૂજાનું ખરૂં રહસ્ય છે. ભવિક આત્માઓ પોતાના આત્માને એથીજ તરબોળ કરી ખરૂં સુખ અનુભવે છે. ભવ્યાત્માઓને એવી સદ્બુદ્ધિ જાગે એવી પ્રાર્થના છે. ઇતિશમ્

# પ્રશ્નોત્તર.

( પ્રશ્નકાર શા. ડાહ્યાભાઈ મોતીચંદ-બોરપાડ )

પ્રશ્ન-૧. વૈતાઢ્ય તથા ચિત્રકૂટ પર્વત અહીંથી કેટલે દૂર છે? અને ત્યાં જવું હોય તો હાલ જઈ શકાય કે નહીં ?

ઉત્તર-વૈતાઢ્ય તો શાશ્વત પર્વત છે અને તે ભરતક્ષેત્રની મધ્યમાં છે. અહીંથી તે બહુ દૂર છે. વચમાં જળ સ્થળ વિગેરે એવા છે કે ત્યાંસુધી પહોંચવું અત્યારે શક્ય નથી. ચિત્રકૂટ માટે કાંઇ શાસ્ત્રમાં ઉલ્લેખ નથી. તે કોઈ સામાન્ય પર્વત હોય તો તેનું સ્થળ જાણવાથી ત્યાં જઇ શકાય.

પ્રશ્ન૨-હિમવાન્ ( ચૂલહિમવંત ) પર્વત કયાં છે ? અહીંથી કેટલો દૂર છે કે જેની ઉપર લક્ષ્મીદેવીનો નિવાસ છે, અનેક કમળો છે અને જેમાંથી ગંગા ને સિંધુ બે નદીઓ નીકળી છે. ત્યાં હાલ કોઈથી જઇ શકાય ?

ઉત્તર-ચૂલહિમવંત નામનો શાશ્વત પર્વત ભરતક્ષેત્રની સીમા ઉપર ઉત્તરે છે. ભરતક્ષેત્રની ઉત્તર દક્ષિણ લંબાઈ પર૬ યોજન છ કળા છે. તે યોજન ૧૬૦૦ ગાઉનું ગણાય છે. તે પર્વત ઉપર પદ્મદ્રહ છે. તેમાં પૃથ્વીકાયમય અનેક શાશ્વત કમળો છે. તેમાંના મધ્ય કમળપર લક્ષ્મીદેવીનો નિવાસ છે. તે દ્રહમાંથી ગંગા ને સિંધુ બે નદીઓ નીકળી છે તે મોટા પ્રમાણવાળી છે. અત્યારે જે ગંગા સિંધુ છે તે શાશ્વતી સમજવી નહીં. તે પર્વત સુધી હાલ જઈ શકાય તેમ નથી. દેવો કે વિદ્યાધરો ત્યાં જઇ શકે તેમ છે. તેનું સ્વરૂપ અનેક શાસ્ત્રોથી જાણી શકાય તેમ છે.

પ્રશ્ન-૩ મહાવિદેહ ક્ષેત્ર, યુગળિયાઓના હિમવંતાદિક ક્ષેત્રો અને તેમાં રહેલા વૃત્ત વૈતાઢ્ય વિગેરે કયાં છે? ત્યાં જઈ શકાય તેમ છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર-મહાવિદેહ ક્ષેત્ર તેમજ યુગળિયાના ક્ષેત્રો વિગેરે બધું આપણાથી ઉત્તર દિશાએ છે. ત્યાં અહીંના મનુષ્યોથી જઈ શકાય તેમ નથી. તેનું સ્વરૂપ જાણવા માટે લોકપ્રકાશ, ક્ષેત્રસમાસ, સંગ્રહણી વિગેરે અનેક શાસ્ત્રો ઉપલબ્ધ છે તે વાંચવા.

પ્રશ્ન-૪ લવણુસમુદ્ર ક્યાં સમજવો ? માગધ, વરદામ, પ્રભાસ તીર્થના સ્થાન ક્યાં સમજવા ? જગતીનો કોટ, દક્ષિણ દિશાનો દરવાજો, તેની પાસે વન વિગેરે કહેલ છે તે બધું ક્યાં સમજવું ?

ઉત્તર-લવણસમુદ્ર જે શાશ્વત છે તે આપણી દક્ષિણે સમજવો, જગતીનો કોટ, તેનો દક્ષિણ દરવાજો, તેમજ વન વિગેરે પણ ત્યાં સમજવા. માગધાદિક તીર્થના સ્થાન જગતીના કોટ નજીક સમજવા અને તેના અધિષ્ઠાયિક દેવના સ્થાન તેની ઉપર આકાશમાં સમજવા. તે જગતી કે સમુદ્રની સમીપે અત્યારે જઈ શકાય તેમ નથી. અત્યારે અહીં જે સમુદ્રો દેખાય છે તે બધા લવણસમુદ્રના ગરનાળામાંથી આવેલા પાણીથી થયેલા સમજવા. જગતીના કોટનું તેમજ લવણસમુદ્રનું વર્ણન ઉપર બતાવેલા શાસ્ત્રોમાં ઘણું વિસ્તારથી કરેલું છે. ત્યાંથી વાંચીને માહિતગાર થવું અને જ્ઞાનીના વચનને પ્રમાણ માનવાં.

પ્રશ્ન-૫ જો પૃથ્વી થાળી જેવી હોય તો મેરૂપર્વત કે જે લાખ યોજન ઉંચો છે તે અત્યારે આગળ વધેલા દુરબીન વિગેરે સાધનોથી જેમ ચંદ્ર સૂર્ય વિગેરે દેખી શકાય છે તેમ દેખી શકાવો જોઇએ, છતાં દેખાતો કેમ નથી ?

ઉત્તર-મેરૂપર્વત આપણાથી ૪૫૦૦૦ યોજન દૂર છે અને તે યોજન ૧૬૦૦ ગાઉના છે, તેથી દુરબીન વિગેરે કોઈપણ સાધનોથી તે દેખી શકાય તેમ નથી. ચંદ્ર સૂર્યનું પણ ખરૂં સ્વરૂપ જોઇ શકાતું નથી.

પ્રશ્ન-૬ ભુવનપતિના સ્થાનરૂપ ભવનો કેટલાં મોટાં છે? અહીંથી કેટલા દૂર છે? અને તે શાશ્વત છે કે કેમ?

ઉત્તર-ભુવનપતિના સ્થાનરૂપ ભવનો દશ નિકાયના મળીને સાત કરોડ ને બહોંતેર લાખ છે. તે પહેલી નરકના ૧૩ પાથડાના બાર આંતરામાં પહેલો છેલો આંતરો મૂકી મધ્યના દશ આંતરામાં છે. અહીંથી અત્યંત દૂર છે. ત્યાં જઈ શકાય તેમ નથી. શાશ્વત છે. તેમાં કાંઇપણ ફેરફાર થઈ શકતો નથી.

તે દેવોના ક્રીડાભુવનો આ સંભૂતળા પૃથ્વીના ઉપરના પૃથ્વીપિંડની અંદર છે. તેને ઉપદ્રવ થવા સંભવ છે.

પ્રશ્ન-૭ સગર ચક્રીના ૬૦૦૦૦ પુત્રોએ અષ્ટાપદના રક્ષણ માટે તેની ફરતી ખાઈ [illegible] પાણી [illegible] સમુદ્ર [illegible] ત્યાં [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં ધૂળ ખરી ને પાણી ભરાતાં પાણી પડ્યું, જેથી નાગકુમારના દેવો કોપાયમાન થઈ તે બધાને બાળી નાખ્યા, તો તે ભવનો કયા સમજવા?

ઉત્તર-તે ભવનો ઉપર જણાવ્યા પ્રમાણે તેમના ક્રીડાભવનો સમજવા; શાશ્વત ભવનો સમજવા નહીં.

પ્રશ્ન-૮ તીર્થંકરો ગૃહસ્થપણામાં હોય ત્યારે પાંચમા ગુણસ્થાનને યોગ્ય જિનપૂજા, મુનિદાનાદિ ક્રિયા કરે કે નહીં?

ઉત્તર-તીર્થંકરો ગૃહસ્થપણામાં પાંચમા ગુણસ્થાન યોગ્ય ક્રિયા કરતા હોય એવી હકીકત કોઈ જગ્યાએ વાંચવામાં આવી નથી.

પ્રશ્ન-૯ જૈનરાજાઓ જૈનધર્મપરાયણ છતાં મદિરા માંસના ત્યાગી હતા એમ જણાતું નથી તેનું શું કારણ? નેમિનાથના લગ્નપ્રસંગની હકીકત વાંચતાં એ વાત સ્પષ્ટ થાય છે. તો શું ત્યાર અગાઉના તીર્થંકરોએ એ વાત સ્પષ્ટ ઉપદેશી નહીં હોય? અથવા ત્યાગ કરાવ્યો નહીં હોય? એવી પ્રવૃત્તિ કેમ શરૂ રહી હશે?

ઉત્તર-જૈન રાજાઓ જેઓ જૈનધર્મપરાયણ હતા તેઓ બધા માંસ મદિરાના ભક્ષણ કરનારા હતા એમ નથી. કોઈક તેવા પણ હશે. નેમિનાથજીના લગ્નપ્રસંગની જે હકીકત છે તેમાં આવનાર યાદવો કાંઈ બધા જૈનધર્મપરાયણ નહોતા. કેટલાક કૃષ્ણાદિકની જેમ સમકિતધારી હોય પણ અવિરતિના ઉદયથી ત્યાગવૃત્તિવાળા ન હોય એમ પણ સંભવે છે. મદિરા માંસનો ત્યાગ એ વિરતિનો વિષય છે.

પૂર્વના તીર્થંકરોએ માર્ગ તો એક સરખોજ અહિંસા વિગેરેના ત્યાગરૂપ, અભક્ષ્ય ભક્ષણના નિષેધરૂપ પ્રકાશેલો, પરંતુ તેવા માર્ગને-ધર્મને સ્વીકારનારા કાંઈ ઉત્તરોત્તર બધા હોતા નથી. તેમાં પણ રાજાઓને માટે તો અનિશ્ચિતપણું વિશેષ સંભવે છે.

પ્રશ્ન-૧૦ બત્રીશ અનંતકાય અને ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય તે એકજ સમજવા કે તેમાં કાંઈ ભેદ સમજવો?

ઉત્તર-બત્રીશ અનંતકાયનેજ સાધારણ વનસ્પતિકાય કહેલ છે. તેની જીવાયોનિ-ઉત્પન્ન થવાના સ્થાનની જાતિ ચૌદ લાખ છે. એ બંનેમાં ભેદ નથી. એકજ છે.

પ્રશ્ન-૧૧ દરેક તીર્થંકરના માતાપિતા, સ્ત્રીઓ, પુત્રપુત્રીઓ કઈ કઈ ગતિમાં ગયા છે? તે આધાર સાથે જણાવશો.

ઉત્તર-વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોના માતપિતાની ગતિસંબંધી શાસ્ત્રમાં ઉલ્લેખ છે, તે આ નીચે બતાવેલ છે. તેમની સ્ત્રીઓ અને પુત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રીની ગતિ વિષે સ્પષ્ટ ઉલ્લેખ નથી.

પ્રથમના આઠ તીર્થંકરની માતાઓ મોક્ષે ગયેલ છે, બીજા આઠ તીર્થંકરની માતા ત્રીજા દેવલોકમાં ગયેલ છે અને ત્રીજા આઠ તીર્થંકરની માતા ચોથા દેવલોકે ગયેલ છે.

પ્રથમ તીર્થંકરના પિતા નાભિ કુળકર ભવનપતિમાં (નાગકુમારમાં) ગયા છે. બીજાથી આઠમા સુધીના પિતા બીજા દેવલોકે ગયા છે. નવમાથી સોળમા સુધીના પિતા ત્રીજા દેવલોકે ગયા છે અને ૧૭માથી ૨૪મા સુધીના પિતા ચોથા દેવલોકે ગયા છે.

પ્રશ્ન–૧૨ વસુદેવની ૭૨૦૦૦ સ્ત્રીઓ કઇ ગતિમાં ગયેલ છે ?

ઉત્તર–તેમાંથી ૩૫૦૦૦ સિદ્ધાચળ ઉપર સિદ્ધિપદને પામી છે, બીજી સ્ત્રીઓની ગતિ વિષે ખાસ ઉલ્લેખ વાંચવામાં આવેલ નથી.

પ્રશ્ન–૧૩ ગૌતમસ્વામીએ પ્રતિબોધેલા ૧૫૦૦ તાપસોએ દીક્ષા લીધી ત્યાર અગાઉ તેઓ શેનો આહાર કરતા હતા ?

ઉત્તર–તે તાપસો અષ્ટાપદના પહેલા, બીજા ને ત્રીજા પગથીઆ સુધી ૫૦૦-૫૦૦ ચડેલા હતા. તેઓ સુકી સેવાળ અને વૃક્ષનાં પડેલાં સુકાં પાંદડાં કંદમૂળ, ફળ વિગેરેનો આહાર કરતા હતા એવો ઉલ્લેખ છે.

પ્રશ્ન–૧૪ યુગળિયાઓના અને આદીશ્વર ભગવાનના વખતમાં મનોવાંછિત આપે તેવા કલ્પવૃક્ષો હતા અને હાલમાં નથી તેથી શું તે સમય આજ કરતાં સારો હતો ? તેમની રહેણી કહેણી, આચાર વિચાર, રીત રીવાજ આપણા કરતાં સારાં હતાં ? સારાં હોય તો આપણે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવા યોગ્ય છે ? અથવા તે વખતે કળાવિજ્ઞાન આજની જેવા ન હોવાથી તેમને કલ્પવૃક્ષની જરૂર હતી કે બીજું કાંઇ કારણ હતું ?

ઉત્તર–યુગળિયાનો વખત અમુક અપેક્ષાએ આજ કરતાં શ્રેષ્ઠ હતો. તેઓ સરલ વિશેષ હતા. કળાવિજ્ઞાન નહોતું. આજની જેમ વ્રતગ્રહણાદિક પણ ન હોતાં. ચોથા આરાની જેમ મોક્ષગમન પણ નહોતું. તેઓ મરણ પામીને સ્વર્ગે જતા હતા, તેમના આચાર વિચાર વિગેરે આ કાળને યોગ્ય ન હોવાથી અત્યારે તે સ્વીકારવા યોગ્ય નથી.

પ્રશ્ન–૧૫ જૈનરાજાઓમાં જૈન ક્ષત્રીઓમાં તેમજ જૈનોમાં માંસભક્ષણનો સર્વથા નિષેધ ક્યારથી થયો ? અગાઉના વખતમાં તો તે પ્રચાર હતો એમ આપ સ્વીકારો છો કે નહીં ? શાસ્ત્રોમાં તેને માટે શું કહેલ છે ? આ બાબત સ્પષ્ટ ખુલાસો કરશો.

ઉત્તર–જૈનધર્મમાં રાજાઓમાં કે પ્રજાવર્ગમાં અમુક વખતથી માંસભક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તદ્દન બંધ થયેલ છે એમ નથી, મૂળથી એ પ્રકારના જીવો ચાલ્યાજ આવે છે. કેટલાક ખાતા હતા અને કેટલાક ખાતા નહોતા; સર્વથા બંધ થયેલજ નથી. શ્રાવકના વ્રત ગ્રહણ કરનાર તો તે વખતે તેમજ અત્યારે તેના ત્યાગીજ હતા અને છે. આ બાબત શાસ્ત્રલેખ એકજ પ્રકારનો છે. તેમાં કોઇ વખતે રાજાઓને તેની છુટ આપેલી નથી. માત્ર અવિરતિના ઉદયથી ધર્મ પામ્યા છતાં માંસભક્ષણાદિ તજી શકતા નહોતા એમ સમજવું.

# श्री हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન-પૃષ્ટ ૨૮૬ થી )

શ્રાવક સંધ્યા સમય થાય એટલે ઘરમાં દીપક કરે એ એક માંગળિકનું ચિન્હ છે. રાત્રીએ દાન, સ્નાન, દેવપૂજા અને ભોજન એટલાં વાનાં વર્જ્ય છે, તેથી શ્રાવક તે કરે નહીં.

રાત્રીએ સુવા માટે ખાટલો વાપરે, પણ તે ભાંગેલો ન હોવો જોઇએ, ટુંકો ન હોવો જોઇએ, માંકડ કે જુવાળો ન જોઈએ, મુંજનો ભરેલો ન જોઇએ. આ પ્રસંગમાં કહ્યું છે કે—

રૂઠ્યો રાય કુભારજા, ઘરે અહી વિષવેલ;
જેહ માંચે માંકડ ભર્યા, નર તેહને તું મેલ ૧

આ દુહામાં કહેલી હકીકત ધ્યાનમાં રાખવાની છે.

બહુ મેલવાળા [ મલિન ]કે વાંસના ખાટલામાં સુવું નહીં. બળેલો, સળેલો, કે કાથાનો ભરેલો હોય તે પણ વર્જવો, તેમજ તુટેલો, ઝોળો પડેલો, પાંગત વિનાનો પણ વર્જવો. તેવા દોષ વિનાના ખાટલા ઉપર પણ કાંઇક પાથર્યા વિના ન સુવું. ભાગ્યવાન પુરૂષને માટે તો સોનેરી પલંગો તેમજ ચંદનના કાષ્ટના સુગંધી ઢોલીઆ હોય છે. સામાન્ય માણસ માટે સીસમના કે સાગના હોય છે. ઉત્તમ મનુષ્ય માટે હીરની-રેશમી પાટીનો ભરેલો પલંગ હોય છે. સામાન્ય માણસ માટે સુતરની પાટીનો ભરેલો હોય છે. તેની ઉપર કેશ, રૂ કે હીરની[ રેશમની ] ભરેલી ગોદડી અથવા તળાઇ હોય છે. અતલસનું લાલ ઓશીકું હોય છે. પગના તળીઆ પાસે પણ તકીઓ મૂકેલો હોય છે. સુગંધી પુલ બીછાવેલા હોય છે. ધૂપઘટે સુગંધી કરેલો હોય છે. રેશમી ગાલમસુરીઆ હોય છે. આ બધા પુણ્યનાં ફળ છે. તેથી પુણ્યવાન જીવોને તેવી જોગવાઇ પ્રાપ્ત થાય છે. મોરપીંછના વીંજણાવડે વીંજાય છે. ચામર ઢોળાય છે. સુંદર સ્ત્રીઓ ગાથા શ્લોક વિગેરે બોલી આનંદ આપે છે. ઉત્તમ સ્ત્રી પગચંપી કરે છે. ચારે દિશાઓથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદ મંદ પવન આવ્યા કરે છે. પહેરવાનાં વસ્ત્રો પણ બહુ સુંદર અને સુકોમળ હોય છે. સવારમાં પીવામાટે દુધ સાકર નાખીને કરાય છે. ચંદનના વિલેપન થાય છે. પીવા માટે શીતળ જળ ભરવામાં આવે છે. આવી બધી સગવડ ઉષ્ણૠતુ માટે કરવામાં આવેલી હોય છે.

સોનાના પ્યાલા, કાચના કુંપા, સુંદર આરીસા, રૂપાના થાળ, ખાવા માટે કેશરપાક, બદામપાક વિગેરેની સગવડ એ બધું શીતૠતુમાં હોય છે. વર્ષાૠતુમાં તેને અનુકૂળ સામગ્રી કરેલી હોય છે.

પુન્યશાળી મનુષ્યો ભોંય ઉપર પગ પણ મૂકતા નથી. શય્યા ઉપર અને બીજા આસનો ઉપર બેસી આનંદમાં કાળ વ્યતિત કરે છે. પલંગ ઉપર રેશમી ચંદરવા બાંધેલા હોય છે. બંને બાજુ દીવાની જ્યોત ઝળકી રહેલી હોય છે. મનુષ્યલોકમાં પણ દેવના સુખ પુણ્યશાળી જીવો ભોગવે છે. શીતૠતુમાં અગરના કાષ્ઠવડે તાપણી કરેલી હોય છે, તેનાવડે તાપે છે, ચુઆ તેલ ને ધૂપેલ માથામાં નાખે છે. રેશમી વસ્ત્રો પહેરે છે. આ બધા પુણ્યના ખેલ છે. કહ્યું છે કે—

તેલ તળાઈ તાપણું, તપ્ત આહાર તંબોળ;
તરૂણી તરૂણી શીતકાળ, સાત તને કલ્લોલ. 1

શીતકાળમાં આ સાત તત્તા આનંદ આપે છે.

ચંદ ચીર ચંદક ચરણ, ચંદન ચતુર દુવાર;
ચતુરા સ્ત્રી ગ્રીષમ ૠતે, સાત ચચ્ચા જગ સાર. ૨

ગ્રીષ્મૠતુમાં આ સાત ચચા આનંદ આપે છે.

પય પીતાંબર પાદુકા, પત્ર પૂર્ણ પુરાણ;
પાક ચોમાસે પામીએ, પુણ્યતણુ એંધાણ.

ચોમાસાની ૠતુમાં આ સાત પપા આનંદ આપે છે.

આમાં સુખ કોણ પામે છે કે જેણે પાંચે અંગુળીએ જિનેશ્વરને પૂજ્યા હોય છે, તેમના ગુણનું ગાન કરેલું હોય છે અને સુપાત્રદાન તેમજ અનુકંપા દાન દીધેલ હોય છે. તેઓ ઉપર જણાવ્યા પ્રમાણેની સુખશય્યા ને તેને લગતાં બીજાં સુખ મેળવે છે.

જે જીવોએ જીવયતના કરી નથી, પારકી નિંદા કરી છે અને દાન દીધાં નથી, તેઓ તો પરઘરે દાસપણું કરે છે, ઝાંખરા વાઢે છે, ઉઘાડે પગે ફરે છે. દીધા વિના મળતું નથી, એ ચોકસ છે. એવા માણસને એક હાથની ખાટલી પણ સુખે સુવા મળતી નથી, ભોંયપર લોટવું પડે છે.

સારી શય્યા ઘણાં દોષને ટાળે છે, વાત પીત્ત ને કફના દોષ હરે છે, ખાધેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ન પચે છે, શરીર નિર્મળ થાય છે, અને થાક ઉતરી જાય છે.

સુવાના સંબંધમાં કહ્યું છે કે-ખાટલાની ઘોડી ઉપર પગ રાખીને સુવું નહીં, પગ નીચે લટકતા રહે એમ સુવું નહીં, નગ્ન સુવું નહીં. નગ્ન સુનાર મૂર્ખ કહેવાય છે, ને દરિદ્રી થાય છે. સુતી વખત માથું પૂર્વદિશામાં અથવા દક્ષિણ-દિશામાં કરવું. વિદિશા તો ચારે પરિહરવી. પૂર્વદિશાએ મસ્તક કરવાથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે; દક્ષિણ દિશામાં મસ્તક કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે, પશ્ચિમ દિશામાં મસ્તક કરવાથી ચિંતા ઉદ્દભવે છે અને ઉત્તર દિશામાં મસ્તક કરવાથી અનેક પ્રકારની હાનિ થાય છે, તેથી તેવી રીતે ન સુવું.

ઉપર જણાવ્યા પ્રમાણેની શય્યામાં સુવું. તે પણ પ્રથમ પ્રહર પછીજ સુવું. સુતી વખતે પ્રથમ નવકાર ગણવા, અઢાર પાપસ્થાનક આળોવવા, સર્વ જીવને ખમાવવા, ચાર શરણ કરવા, ચૌદ નિયમ સંખેપવા, ચાર આહારનો ત્યાગ કરવો. પર્વના દિવસોએ અવશ્ય શિયળ પાળવું, મહિનામાં બાર તિથિ પાળવી, જે પ્રાણી બહુ કામી હોય છે તે દેહને ખુવે છે અને પાપનો ભાગીદાર થાય છે. એકવાર વિષયસેવન કરતાં ઘણા બેઈંદ્રી જીવોનો વિનાશ થાય છે, નવલાખ તો ગર્ભજ પંચેંદ્રી હણાય છે, અસંખ્યાત સંમૂર્છિમ પંચેંદ્રીનો વિનાશ થાય છે, તેથી વિશેષ કામસેવન ન કરવું અને જ્યારે કરવું ત્યારે પણ અત્યંત આસક્તિ ન ધરાવવી. નિરાગીપણું રાખવાથી અલ્પ પાપ બંધાય છે; તીવ્ર રાગ કરવાથી બહુ કર્મ બંધાય છે.

ઉત્તમ જીવો તે વખતે અશુચિ ભાવના ભાવે છે, તે વિચારે છે કે-'તું પણ આવા અપવિત્ર સ્થાનમાં ઉપજેલો છે, ચર્મ હાડ ને માંસની વચ્ચે વસેલો છે, રક્તનો આહાર કરેલો છે, ઘોર અંધારામાં ઉંધે મસ્તકે ટીંગાઈ રહેલો છે અને ઘણી વેદના સહન કરી છે.' આવા સદ્વિચાર આવવાથી ભોગની આસક્તિ ઓછી થાય છે. જે જીવો બ્રહ્મચર્યને પાળનાર છે તેઓ નેમિકુમાર, જંબૂસ્વામી અને ગજસુકુમાળ જેવાની પંક્તિમાં ગણાવા યોગ્ય થાય છે. આ પ્રમાણેની હિતશિક્ષા ઋષભદાસજી આપે છે. હવે સુઈ ઉંઘ લઈને જાગે ત્યારે શ્રાવક શું કરે? તે કહે છે—

સુઈને ઉઠતાંજ પરમાત્માનું નામ લેતો ઉઠે. ઉત્તમ પુરૂષોના નામોનું સ્મરણ કરે. ઉત્તમ પુરૂષો બ્રાહ્મ મુહૂર્તે ચાર ઘડી રાત્રી હોય ત્યારે જાગૃત થાય. પછી શય્યા તજી દઈ પવિત્ર વસ્ત્ર પહેરીને પ્રથમ પડિક્કમણું કરે. તેમાં રાત્રીસંબંધી પાપને આળોવે. પ્રારંભમાં સામાયિક લઈને રાત્રીસંબંધી પાપના નિવારણ નિમિત્તેજ ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરે, તેમાં દુઃસ્વપ્ન કુસ્વપ્નસંબંધી પાપની આલોચના આલોવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્ન સંબંધમાં એમ કહેલું છે કે અનુભવેલું, સાંભળેલું, જોયેલું, દો- [illegible] આવેલું અને ચિંતાથી આવેલું સ્વપ્ન ફળદાયક થતું નથી; અને દેવે [illegible] પુણ્ય પ્રભાવે આવેલું તેમજ કર્માદિ પાપે આવેલું એ ફળદાયક [illegible] ખોટા સ્વપ્ન આવવાથી જે દોષ લાગ્યો હોય તે આરંભનો કાયો- [illegible] વિસ્તાર છે.

પ્રતિક્રમણ કર્યા પછી ( તેની અંદરજ ) શ્રાવક પચ્ચખ્ખાણ કરે. તેમાં નવકારસીના પચ્ચખ્ખાણના બે આગાર છે, પોરસી સાઢપોરસીના છ છે, પુરિમઢ્ઢના સાત છે, ગંઠસહિ વિગેરે અભિગ્રહ પ્રત્યાખ્યાનના ચાર છે, નીવીના નવ છે, એકાસણા બેસણાના આઠ છે, આયંબિલના પણ આઠ છે, ઉપવાસના પાંચ છે, પાણસ્સના છ છે, દેસાવગાસિકના (નિયમ ધારે છે તેના) ચાર આગાર છે. આ પ્રમાણે આગાર સમજીને જે પચ્ચખ્ખાણ કરે છે તે પ્રાણી વહેલો ભવના પારને પામે છે.

મનુષ્યોએ જેમ જેમ વૃદ્ધાવસ્થા થતી જાય તેમ તેમ પાપનાં કારણો તજતાં જવા જોઇએ. બીજા કામ છોડીને તેણે તો ગુરૂમહારાજ પાસે ઉપદેશ સાંભળવા દરરોજ જવું જોઇએ. ગુરૂમહારાજની મધુરી વાણી સાંભળીને ઉત્તમ જીવે ક્રોધ, માન, માયા ને લોભ તજવા. જીવઘાત, અસત્ય વચન, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ અવ્રત તજવા. ચારે દિશાએ જવા આવવાનું પ્રમાણ કરવું. બાવીશ અભક્ષ્ય વર્જવા, બત્રીશ અનંતકાયનો ત્યાગ કરવો, ચૌદ નિયમ નિત્ય ધારવા, પંદર કર્માદાનનો ત્યાગ કરવો કે જેથી પ્રાપ્ત થયેલો અમૂલ્ય મનુષ્ય ભવ હારી ન જવાય. અનર્થ દંડ લાગે તેવાં પાપ તજવાં, હાસ્યકુતુહલ તજી દેવા, શસ્ત્રાદિક માગ્યા ન આપવા, સતી બળતી હોય કે કોઇને ફાંસીએ અથવા શૂળીએ દેતા હોય તે જોવા જવું નહીં. દરરોજ સામાયિક કરવું. દેશાવગાસિક કરીને પ્રથમ કરેલાં દિશી પ્રમાણનો સંક્ષેપ કરવો. આઠમ ચૌદશનો પોસહ કરવો અને બીજે દિવસે પોસહ પારીને અતિથિ સંવિભાગ કરવું, અર્થાત્ મુનિરાજને દાન દેવું. જ્ઞાન લખાવીને મુનિરાજને વહોરાવવું, સમકિત શુદ્ધ રાખવું, તેમાં દૂષણ લાગવા ન દેવું, નિરંતર સવારે ને સાંજે પચ્ચખ્ખાણ કરવું. સાત ક્ષેત્રમાં યથાશક્તિ દ્રવ્ય વાપરવું. દીન જનોનો ઉદ્ધાર કરવો, પરોપકારપરાયણ થવું, કોઇને લાભ થાય તેવાં વચનજ મોઢેથી બોલવા. અસાર વચન બોલવાંજ નહીં, પારકી નિંદા કરવી નહિ, કોઇની ચાડી ખાવી નહીં, રાગ દ્વેષ જેમ બને તેમ ઘટાડવા, આ મનુષ્યનો ભવ ને તેમાં પણ શ્રાવકપણું પામ્યો છું તે પૂરેપૂરા પુન્યના ઉદયથી જાણો ભવમાં ભમતાં ભમતાં માંડ માંડ પામ્યો છું, તેથી તેને જેમ બને તેમ સફળ કરવા પ્રય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્ન કરવો.

ગુરૂમહારાજની વાણી દરરોજ સાંભળવી અને પછી ગુરૂમહારાજની ખબર લેવી, ઔષધાદિ જે કાંઈ જોઈતું હોય તે લાવી દેવું. ખાસ આમંત્રણ કરીને ઘરે આવવું અને ઘી, ખાંડ અને ક્ષીર વિગેરે પદાર્થો તૈયાર રાખી સારી રીતે વહોરાવવા. મુનિદાનનો લાભ લેવો.

આ પ્રમાણેની હિતશિક્ષા આપીને ઋષભદાસજી કહે છે કે-હે ભવ્ય પ્રાણી! વૃદ્ધાવસ્થા આવે ત્યારે જો મન ચાલે તો સ્ત્રી ને ધન વિગેરે તજી દઈને દીક્ષા લેવી-ચારિત્ર ગ્રહણ કરવું. તે ન બની શકે તો શ્રાવકધર્મનું સારી રીતે આરાધન કરવું. તેમાં પણ અંતસમયે આરાધના અવશ્ય કરવી. સંલેખણા કરવી અને ચારે આહારનો ત્યાગ કરી ચાર શરણ અંગીકાર કરવા. આ ખરા વખતે કોઈ પ્રકારની ગફલતમાં રહેવું નહિ. હવે આયુષ્ય કેટલું છે તે જાણવાનો ઉપાય કહે છેઃ—

પોતાનું આયુષ્ય કેટલું છે તે જાણવા માટે એક કુંડી નિર્મળ પાણીથી ભરવી. પછી તેમાં સૂર્યનું પ્રતિબિંબ પડે તેમ તે મૂકવી અને તેમાં જોવું. જો સૂર્યનું દક્ષિણ પાસું ખાંડું દેખાય તો છ મહિનાનું આયુષ્ય સમજવું, પશ્ચિમ પાસું ખાંડું દેખાય તો ત્રણ માસનું આયુષ્ય સમજવું, ઉત્તર પાસું ખાંડું દેખાય તો બે મહિનાનું આયુષ્ય સમજવું અને પૂર્વ પાસું ખાંડું દેખાય તો એક માસનું આયુષ્ય સમજવું. મધ્યમાં છિદ્ર દેખાય તો દશ દિવસનું આયુષ્ય સમજવું. સૂર્ય ધુમાડાવાળો દેખાય તો એક દિવસનુંજ આયુષ્ય સમજવું. સ્વપ્નથી કે બીજા નિમિત્તથી, પ્રકૃતિ ફરી જવાથી કે આહાર ઘટી જવાથી જ્યારે શ્રાવક પોતાનું અલ્પ આયુષ્ય જાણે ત્યારે તે અવશ્ય અણસણ કરે કે જેથી જન્મ મરણ ઘટી જાય. આ કાળને આશ્રીને બબે કે ચાર ચાર પહોરનું સાગારી અણસણ કરે.

ઉત્કૃષ્ટ રીતે મુનિ મરણ પામે છે તેનું પંડિતમરણ કહેવાય છે. તેને સકામ મરણ પણ કહે છે અને તેવા મરણે મુક્તિ પામી શકાય છે. જે પ્રાણી પંડિતમરણથી મરે તે વધારેમાં વધારે સાત આઠ ભવે તો મુક્તિ પામેજ, જન્મ મરણનું દુઃખ તેનું નાશ પામે.

જે શ્રાવક જિનેશ્વરાદિકના શરણ કરીને મરણ પામે તેનું બાળપંડિતમરણ કહ્યું છે અને જે વ્રતાદિક વિના મરણ પામે છે તેનું બાળમરણ કહેલું છે. દેવોને પણ બાળમરણ હોય છે અને બાળમરણવાળા મનુષ્યાદિ દેવગતિ પામી શકે છે; મુક્તિ પામતા નથી. મુક્તિ તો પંડિતમરણવાળા જીવોજ મેળવી શકે છે, આ પ્રમાણેની હિતશિક્ષા ઋષભદાસજીએ ભવ્ય જીવોને સંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નતા માટે આવી છે.

કર્તા રાસની સમાપ્તિ કરતાં કહે છે કે આ જિનહિતાનો રાસ કહેવાથી મારા મનની આશા પુરી થઇ છે. આ રાસ વાંચવા સાંભળવાથી મંદિરમાં લક્ષ્મીનો વાસો થાય છે અને બારે માસ ઉત્સવ વર્ત્યા કરે છે. સાંભળનારને અનેક પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે. મોટા રાજાઓ પણ તેને માન આપે છે. ઘરમાં સંપની વૃદ્ધિ થાય છે. હય ગય વૃષભને ગાય વિગેરે પશુઓનો લાભ થાય છે. પુત્રો વિનીત થાય છે. વહુઓ શીળવંતી થાય છે. સંકટ પ્રાપ્ત થતું નથી અને સર્વત્ર કીર્ત્તિ થાય છે. આ રાસ ચિત્ત રાખીને સાંભળનારને ઘણો ઉલ્લાસ આપનાર છે.

આ રાસ ખંભાતમાં બનાવ્યો છે, તેનું બીજું નામ ત્રંબાવતી છે. જ્યાં ઘણા લોકોનો નિવાસ છે. સર્વ દેશોમાં ગુર્જર દેશ શૃંગારભૂત છે, જ્યાં ઘણા પંડિતો વસે છે, તે દેશમાં બધા નગરને છતે તેવું ખંભાયત નગર છે. જ્યાં વિવેક વિચારવાળા અઢારે વર્ણ વસે છે. સાધુ પુરૂષના ચરણને સેવનારા ઘણા મનુષ્યો ત્યાં વસે છે, ઘણા શ્રીમંતોનો નિવાસ છે. પુરૂષો પણ પટોળા પહેરે છે અને કેડમાં ત્રણ આંગુળ પહોળા એવા સોનાના કંદોરા શોભી રહ્યા છે. બીજા પણ યોગ્ય આભૂષણો ધારણ કરે છે. મોટા વ્યવહારીઆઓ દાતાર છે, અને તે પાંત્રીશ ગજ લાંબી રેશમી પાઘડી માથે બાંધે છે. બીજા પણ સુશોભિત અને કિંમતી વસ્ત્રો ધારણ કરે છે. રેશમી કબાઓ પહેરે છે, તે સો સો રૂપીઆની થાય છે. સુગંધી જળથી સ્નાન કરી સુગંધી વિલેપન કરે છે અને સુગંધી તેલનો માથામાં ઉપયોગ કરે છે. જ્યાં પુરૂષો આવા શોભાવાળા વસતા હોય ત્યાં સ્ત્રીની શોભાનું તો શું કહેવું? તેનાં વસ્ત્રો તથા આભરણની શોભા તો પુરૂષ કરતાં વધારે હોયજ છે.

એવા ખંભાયત નગરને દરીઆની લહેરો સ્પર્શ કર્યા કરે છે, દરીઆની અંદર ઘણા વહાણો ફરે છે. કીનારા ઉપર પુષ્કળ માલની વખારો છે. ત્યાં વ્યાપાર પણ પુષ્કળ ચાલે છે. તે નગરી ફરતો કોટ છે. આગળ ત્રિપોળીયો છે. શહેરના મધ્યમાં માણેકચોક છે, જ્યાં ઘણા માણસો એકઠા મળે છે. જે નગરમાં અનેક પ્રકારના સુખભોગને ભોગવનારા ભોગી મનુષ્યો વસે છે.

તે નગરીમાં ૮૫ જિનપ્રાસાદ છે, કે જે ઇંદ્રપુરી સાથે વાદ કરે એવા છે. અનેક પોષધશાળાઓ છે, કે જ્યાં મુનિરાજ વ્યાખ્યાન કરે છે. પુણ્યવંત શ્રાવકો પૌષધ ગ્રહણ કરે છે. સ્વામીવત્સલો થયા કરે છે. તે નગરીમાં જહાંગીર બાદશાહ રાજ્ય કરે છે. ત્યાં રહીને સંવત. ૧૬૮૨ ના માધવમાસની શુદિ ૭ ને ગુરૂવારે આ રાસ કર્તા કહે છે કે મેં પૂર્ણ કર્યો છે. ગુરૂ મહારાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામથી મને આનંદ થયો છે અને બ્રહ્મસુતા (સરસ્વતી) એ મારી આશા પૂરી છે.

કર્તા પોતાના ગુરૂ શ્રી વિજયસેન સુરિને નમસ્કાર કરે છે. તે તપગચ્છના નાયક ઓસવાળ વંશમાં કમાકુળ શાહ અને કોડમદેના પુત્ર છે. જેણે ચારિત્ર લઈને જિનશાસનને દીપાવ્યું છે. એ ગુરૂના નામથી મારી આશા પૂર્ણ થઈ છે, ને હું આ હિતશિક્ષાનો રાસ રચી શકયો છું.

પ્રાગ્વંશમાં મહિરાજ નામે સંઘવી થઇ ગયા છે. જેમણે જિનશાસનનાં ઘણા કામો કરેલા છે અને સંઘપતિ તિલક ધરાવી શત્રુંજયની યાત્રાનો લાભ લઇ અવતાર સફળ કર્યો છે. તે સમકિત યુક્ત બાર વ્રતના ધારણ કરનાર હતા. નિરંતર જિનપૂજા કરતા હતા. દાન, દયા ને ધર્મ ઉપર પૂર્ણ રાગ હતો. તેના પુત્ર સાંગણ નામે સંઘવી થયા. તે પણ બાર વ્રતધારી હતા અને નિરંતર પાર્શ્વનાથની ભક્તિ કરતા હતા. તેનો પુત્ર હું ઋષભ તેણે આ હિતશિક્ષાનો રાસ બનાવ્યો છે. કર્તા પોતાની પ્રવૃત્તિ કહી બતાવે છે કે—હું પ્રભાતમાં ઉઠી વીર પરમાત્માને સંભારી પ્રતિક્રમણ કરૂં છું, સમકિત સહિત બાર વ્રત ગ્રહણ કર્યા છે, દરરોજ બેઆસણાનું પ્રત્યાખ્યાન કરૂં છું, દરરોજ ચૌદ નિયમ ધારૂં છું ને સંખેપું છું. ગુરૂમહારાજની સેવા કરવાથી શાસ્ત્રબોધ થયો છે. નિરંતર દશ દહેરે દર્શન કરવાનો નિયમ છે. ત્યાં અક્ષતાદિ ધરીને આત્માને આનંદ આપું છું. આઠમ પાખી પૌષધ કરૂં છું. તે દિવસે આઠે પહોર સઝાય ધ્યાન કરૂં છું ને વીર પરમાત્માની વાણી સાંભળું સંભળાવું છું. પ્રાયે વનસ્પતિ ચુંટવાનો ત્યાગ છે. મૃષા બોલતો નથી. અદત્ત લેતો નથી. મન વચન કાયાથી શીળ પાળું છું. પાપરૂપ પરિગ્રહ મેળવતો નથી. દિશાઓનું પરિમાણ કર્યું છે. બાવીશ અભક્ષ્યનો ત્યાગ કર્યો છે. પંદર કર્માદાન તજી દીધા છે. અનર્થ દંડે દંડાતો નથી. શસ્ત્રાદિક મેળવી રાખતો નથી. દરરોજ સામાયિક કરૂં છું. દેશાવગાશિક, પૌષધ ને અતિથિ સંવિભાગ પણ યોગ્ય અવસરે કર્યા કરૂં છું. યથાશક્તિ સાત ક્ષેત્રને પોષું છું. અનુકંપાદાન આપું છું. આ પ્રમાણે શ્રાવકનો આચાર પાળું છું. વધારે કહેવાથી લઘુતા થાય માટે કહેતો નથી, આટલું પણ એટલા માટે કહ્યું છે કે મારી પ્રવૃત્તિની હકીકત જાણી અન્ય જીવો જો તેનું અનુકરણ કરે તો હું તેના પુણ્યબંધનો કારણિક થાઉં. આ બધી હકીકત ઋષભદાસજીએ પરઉપગાર માટેજ કહી છે અને આનંદમંગળ સાથે આ રાસ સમાપ્ત કર્યો છે. શ્રી સંઘની આશા પણ પૂર્ણ થઇ છે.

सर्व मंगल मांगल्यं, सर्व कल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ १ ॥

For Private And Personal Use Only

# જૈન સાહિત્ય-સેવા.

જૈનદર્શનમાં આત્માની પ્રગતિના માર્ગો બતલાવતાં એક ઉદાસીન દશા બતાવી છે. પ્રાણી વિકાસક્રમમાં એ દશા પ્રાપ્ત કરે ત્યારે તેને પથ્થર અને સોના ઉપર, રાજા અને રંકપર, મોક્ષ અને સંસારપર, તૃણ અને મણિપર સમદશા આવે છે. અત્યારે આખી સમાજમાં લગભગ દરેક બાજુએ ઉદાસીન ભાવ વ્યાપી રહ્યો હોય તેમ દેખાય છે. અત્યારે સામાજિક પ્રશ્નો ઉપર કોઇ વિચાર ચલાવતું નથી. દેશમાં દશ વર્ષમાં મહાન્ ફેરફારો થઇ ગયા છે, તેની સાથે જાણે જૈનકોમને લાગતું વળગતું ન હોય એવી દશા વર્તી રહી છે, જૈનદર્શનના મુખ્ય સિદ્ધાન્તોનું પ્રતિપાદન થઇ રહ્યું હોય તે વખતે જાણે જૈનોને તે દિશામાં કાંઇ કર્તવ્ય રહ્યુંજ ન હોય તેવી સ્થિતિ થઇ રહી છે, રાજકીય ચળવળમાં, ઔદ્યોગિક પ્રશ્નોના વિચારમાં, અર્થશાસ્ત્રના સવાલોની ચર્ચામાં, રાષ્ટ્રિય હિલચાલમાં ભાગ લેવાને અંગે અને એવી એવી અનેક બાબતમાં, ખુદ કેળવણી જેવા સમાજજીવનને સીધી રીતે તાત્કાળિક અસર કરે તેવા સવાલોમાં પણ હાલ તદ્દન ઉદાસીનતા આવી ગઇ છે. તેનાં કારણો-પર વિચાર કરવા બેસીએ તો સમાજની આધુનિક માનસિક દશા જોતાં લાભ થવો સંભવિત નથી; પરંતુ એવી દશા છે તે વાતની તો કોઇ પણ વિચારક ના પાડી શકે તેમ નથી. વ્યક્તિના વિકાસમાં ઉદાસીન ભાવ ઘણો અગત્યનો ભાગ ભજવે છે, એ તો અંતિમ લક્ષ્યપ્રાપ્તિના પ્રસંગ પહેલાં તે અનિવાર્ય છે, પણ તેના વખત પહેલાં જો તે પ્રાપ્ત થઇ જાય તો તે પ્રગતિને વધારનાર ન થતાં ઉલટી બંધન કરનાર-રોધક થઇ પડે છે. મારા પોતાના વિચાર પ્રમાણે તો સમાજની અત્યારની જે દશા વર્તે છે તેને 'ઉદાસીનતા' કહેવી એ પણ ખોટું છે, એનું વાસ્તવિક નામ ઉપેક્ષા-બેદરકારી છે. એ સ્થિતિ ક્ષયરોગના વ્યાધિ જેવી છે, ધીમેધીમે સમાજશરીરના રસનું શોષણ કરનારી છે, અને તેના નિવારણ માટે ઉપયુક્ત પ્રયોગ ન કરવામાં આવે અને હવાપાણીના ફેર સાથે દવા અને પરહેજી બાબતની કાળજી રાખવામાં ન આવે તો એ રાજરોગનું પરિણામ શું આવે તે સમજી શકાય તેવું છે. છતાં એ રોગ હજુ અસાધ્ય કોટિમાં ગયો નથી, ધીમે ધીમે કષ્ટસાધ્ય કોટિમાં આગળ વધતો જાય છે અને અત્યારે પ્રબળ પુરૂષાર્થ કરી, સમાજના દુઃખકર પ્રસંગોને દૂર કરી, કાંઇક ખોટી અણઘટતી ટીકાના ભોગ થવાને ભયે પણ જો સમાજનો આખો સવાલ ઉપાડવામાં ઢીલ કરવામાં આવશે તો વ્યાધિ વધારે વધારે કષ્ટસાધ્ય થતો જશે તેમ જણાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે સમાજમાં ઉત્પન્ન થયેલા વિચારકો આ સમાજની સેવા કરવાને બદલે અન્ય માર્ગે સેવા કરી રહ્યા છે, તેનાં કારણો વિચારશો. સમાજમાં સેવા-ધર્મની મહત્તા સમજનારા અનેક સુપુત્રો પડ્યા છે. તેઓ તનથી, ધનથી, વિચારથી, ભાવણથી, લેખોથી, શોધખોળથી, ચર્ચાથી સમાજને ઉપયોગી થઇ શકે તેવા છે, ઉપયોગી થવાની તેમને ભાવના છે, છતાં તેઓને જરા પણ ઉત્તેજન નથી, આમંત્રણ નથી, તેઓ પ્રત્યે આદર નથી, તેઓના કાર્યની કિંમત નથી. આટલી સ્થિતિ હોય ત્યાં સુધી ચલાવી શકાય, કારણકે સહૃદય વિચારકની કક્ષા સુધી આમ વર્ગ પહોંચી શકે એ બનવા જોગ નથી, પણ વગર વિચારે આક્ષેપો થાય, કામ કરનારને તેઓનું લક્ષ્ય સમજ્યા વગર તોડી પાડવાની ધૃષ્ટતા થાય અને બની શકે તો સમાજબહિષ્કારની-ફાંસીની સજા કરવાની હદ સુધી પહોંચી જવાની અંધતા કરવામાં આવે ત્યાં કાર્ય કરનાર કોણ મળી શકે ? વિચારસહિષ્ણુતા દાખવી ન શકાય ત્યાં વિચારક કેમ નીકળી શકે ? તમે અન્ય કોમના વિચારકોના દાખલા તપાસો. ત્યાં ક્રાઇસ્ટની નબળાઇઓ બતાવનારનો, કૃષ્ણની રાસલીલાપર ટીકા કરનારનો કે ખુદ કૃષ્ણ એક બનાવટી પુરૂષ હતા એવી વાત વિચારનારનો બહિષ્કાર નથી થતો, પણ તેની સામે કારણો બતલાવવામાં આવે છે, તેનાપર સામી ચર્ચા થાય છે. અત્યારે ક્રાઇસ્ટની વિરૂદ્ધ ટીકા કરનારથી ક્રીશ્ચિયન ધર્મ રંડાઇ ગયો નથી કે વૈષ્ણવ સંપ્રદાય સદર ટીકાથી નાબુદ થઇ ગયો નથી. વિચારકોને દાબી દેવા એ દલીલની દુર્બળતા બતાવે છે, વિચારનું સંકુચિતપણું બતાવે છે, તંદુરસ્ત પ્રગતિના કારણોના અભ્યાસની અલ્પતા બતાવે છે, અનુભવની અને સામાન્ય વ્યવહારકુશળતાની ગેરહાજરી બતાવે છે. આપણી દોલત મોટી છે, પણ એના જાળવનારા થોડા છે, વૃદ્ધિ કરનાર લગભગ નથી, એવા વખતમાં વિચારની સહિષ્ણુતા ન હોય તો દોલત વેડફાઇ જાય અને એમાં વધારો થવાનો સવાલજ ન રહે.

એ આપણી દોલત કઇ? આપણો પૂર્વ ઇતિહાસ, આપણા મંદિરો, આપણા શિલાલેખો, આપણું સાહિત્ય, આપણાં તામ્રપત્રો, આપણાં ભંડારો, આપણા સિક્કાઓ, આપણી તાડપત્રની પ્રતો વિગેરે અનેક ચીજો છે, અનેક વસ્તુઓ છે, એ સર્વ આપણે જાળવી તેમાંથી ચૈતન્ય પ્રાપ્ત થાય તેવું સાહિત્ય ઉપજાવવાનું છે. આપણી છતી દોલત જે ઘણીખરી અપ્રસિદ્ધ છે તેને જાહેર કરવાની છે અને તેમાંથી નવું લોહી બહાર લાવવું છે. આપણો અઢળક ભંડાર જમીનમાં સ્મૃતિની ઉંડી ખીણમાં છુપાઇ રહેલ છે તેને બહાર લાવવો છે અને આપણી વિશ્વવિખ્યાત થવી જોઇતી પૂર્વ કાળની વસ્તુસ્થિતિ આખી દુનિયાને બતાવવાની છે. પૂર્વકાળના એ ઉદાત્ત સ્મરણો ભાવીસમાજને પોષણ આપી ઉપકારી થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલા પુરતી આધુનિક સમાજને પણ તેની ઉપયુક્તતા છે.

આપણી સામાજિક સ્થિતિના પ્રશ્નો શાંત નજરે વગર સંકોચે વિચારવાનો આ વખત છે. આપણા જીવનની સ્થિરતા માટે એની અતિ આવશ્યકતા છે અને એ મહાન્ કાર્યમાં દરેક વિચારકે ફાળો આપવો જોઈએ એમ સહૃદય સજ્જનને લાગ્યા વગર રહે તેમ નથી. આપણે સમાજના અનેક સવાલો વિચારવાના છે, જલદી વિચારવાના છે, અનેક દૃષ્ટિબિન્દુથી વિચારવાના છે, વગર ભયે ચોક્કસ રીતે સ્પષ્ટતાથી વિચારવાના છે, સંકોચ વગર વિચારવાના છે, એટલું આપણે સ્વીકારવું જ પડશે. કોઈપણ બાબતમાં કાર્ય કરી લેવાની જરૂર લાગતી હોય તો પ્રથમ વિચારણા થાય, વિચારણાને પરિણામે ચર્ચા ઉપસ્થિત થાય, ચર્ચામાં વિચારની આપલે થાય, પોતાના વિચારોમાં વિરોધ ક્યાં આવશે, ધારેલ પરિણામ નીપજાવવામાં વાંધા ક્યાં ક્યાં પડશે, તેવી ચર્ચામાં અનુભવીઓનાં અનુભવ કામ લાગે. દીર્ઘદૃષ્ટાઓ અનુભવીની ભૂલ પણ જોઈ બતાવી જોરથી કામ લેવા તેમને દોરે. આવા પરસ્પર વિચારણાને અંગે ચોક્કસ નિર્ણયો થાય ત્યારેજ આદર્શ સિદ્ધ થાય, ભાવના મુકરર થાય, પછી તે સ્થૂળ રૂપ પકડે, પછી તેને પાર પાડવાના માર્ગોની વિચારણા થાય. એ સાધનના માર્ગમાં પણ અનેક દિશાએ આદર્શને લક્ષ્યમાં રાખીને કાર્યની યોજના થાય. એ યોજના ઘડવામાં મૂળ બાબતોપર વાટાઘાટ ચાલે, અમલમાં મૂકવાના સંગઠિત પ્રયત્ન વિચારાય અને છેવટે એ માર્ગે પ્રયાણ થતાં આદર્શને રસ્તે ચઢાય. કાર્યસિદ્ધિનો આ ક્રમ છે, તેથી કોઈ પણ સમાજપર પ્રગતિને અંગે વિચારણા પ્રાથમિક આવશ્યક બાબત છે અને ઇષ્ટ પરિણામપ્રાપ્તિ માટે તદ્દન અનિવાર્ય છે. આવી વિચારણા જાહોજલાલીના વખતમાં વારંવાર થયા કરતી હતી. એ વખતે જેના હાથમાં શાસનની દોરી હતી તેઓ એ મહત્વની બાબતમાં જાગ્રત રહેતા હતા અને કોઈ પણ પ્રસંગ ચૂકી જાય તો એનો અનુયાયી વર્ગ એમને તુરત ચેતવી શકતો હતો. આપણા કર્તવ્યનો વિસ્તાર અને કાર્યની દિશાનું સહજ દિગ્દર્શન કરાવ્યા પછી હવે આપણે સાહિત્યના ક્ષેત્રમાં શું કર્તવ્ય છે? શું પ્રાપ્તવ્ય છે? અને વર્તમાન પરિસ્થિતિ કઈ છે? તે તપાસીએ. એકંદર આ સવાલ એવા પ્રકારનો છે કે એમાં બહુ મતભેદ નહિ થાય અને એ વિચારો ગ્રાહ્ય જણાશે તો યથાવકાશ અન્ય પ્રકારની પરિસ્થિતિપર વિચાર કરવાના પ્રસંગો હાથ ધરવામાં આવશે.

આ સાહિત્યના વિષયમાં ઘણા કારણે ઘણાઓને બહુ ગેરઇનસાફ થયો છે અને એના ભક્તો જ્યાં સુધી એ બાબત યોગ્ય રીતે હાથ નહિ ધરે ત્યાં સુધી એ સ્થિતિમાં ફેરફાર થવાનો સંભવ ઓછો છે.

પહેલાં આપણે જૈનસાહિત્યની વિપુલતા-વિસ્તાર જોઈએ; પછી એની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન દશા અને છેવટે એવી દશામાંથી બહાર નીકળવાનાં અનેક સાધનોનો વિચાર કરી અંતમાં કર્તવ્ય પ્રેરણા કરીશું. આ દૃષ્ટિએ જૈનસાહિત્યને અંગે જે વિચારણા થાય તે માત્ર પ્રેરક સમજવી, વિચારકોને એ પ્રશ્નપર વિનિમય કરવાના આમંત્રણ રૂપે ધારવી અને ત્યારપછી એની સર્વદેશીય ચર્ચા થઈ રહે ત્યારે કર્તવ્ય દિશાનો નિર્ણય કરવો.

એનો નિર્ણય થાય કે નહિ તે વિચારવાનું મારૂં કાર્ય નથી. મારે સમાજને આ વિષયને અંગે ઘણું કહેવાનું છે, તેથી તેવું વિચાર વાતાવરણ ઉત્પન્ન કરવાને માટે અહીં લખવું યોગ ધાર્યું છે.

સાહિત્યના સંબંધમાં જ્યારે વિચાર કરવામાં આવશે ત્યારે એટલું મોટું વિશાળ ક્ષેત્ર સામે દેખાશે કે તેનો પાર નહિ. એક ઉપરટપકે સાદી લાગતી બાબતમાં જ્યારે આટલું બધું કાર્ય કરવાનું પ્રાપ્ત થાય છે તો બીજા સામાજિક પ્રશ્નોમાં કેટલું કર્તવ્ય રહેલું હશે તેનો તેથી ખ્યાલ આવશે.

વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં ઘણીવાર પંચમ કાળને યાદ કરી કેટલાક બંધુઓ હૃદય સન્મુખ હાનિની દશાને રાખી મનમાં નિર્ણય કરી બેસે છે કે એ તો કાળજ એવો છે, હુંડા અવસર્પિણી કાળમાં સારી વાત સાંભળવાની બનેજ નહિ, આ તેઓનો મુદ્રાલેખ છે. આ સ્થિતિ વિઘાતક છે, સંપૂર્ણ સત્યથી રહિત છે અને Passimistic [ અધોમુખી ) હોઈ અતી દુઃખદ છે. એક તો એવો વિચાર કરનાર આદર્શને સન્મુખ રાખી શકે નહિ, બીજું એવા વિચારની વિરૂદ્ધ લખવાની જરૂર હોયજ નહિ. 'મારે તો સુસમાથી દુસમા, અવસર પુણ્ય નિધાનજી.' મારે તો આવો કાળ પણ ઘણો ભાગ્યશાળી વર્તે છે, એ ખરી જૈન દશા છે, જિતનારની દશા છે, વિજય કરનારના આદર્શની ભાવના છે, સમયને ગાળ દેવી એ તો તદ્દન હીનસત્ત્વનું કાર્ય છે. આ કાળમાં પણ અનેક ઉદય થવાના છે, જો કે યુગપ્રધાનની રાહ જોઈ બેસી રહેવું એ પણ મંદતા બતાવે છે, પણ ઉપરોકત વિઘાતક વિચારકોને કહેવું કે યુગપ્રધાન જરૂર આવશે, આવ્યા વગર રહેશે નહિ, પણ તેને માટે માર્ગ તૈયાર કરવો એ આપણું કામ છે. પ્રબળ પુરૂષ નીકળી સમાજને દોરશે, અવ્યવસ્થિત કામ કરનારાને બેસાડી દેશે, દેશકાળનાં સૂત્રોને યોગ્ય સ્થાન આપશે, ધર્મના અવિચળ સિદ્ધાંત અને દમવગરના વહેમોનું પ્રથક્કરણ કરી બતાવશે અને મૂળ પાયાને મજબુત કરી પાંદડા શેખડાનાં અનેક માર્ગોમાં ભેદ નથી પણ તંદુરસ્તી છે, વિરોધ નથી પણ એકતા છે એમ સમજાવશે. એવા મહાન્ પુરૂષોની આ કાળમાં આવશ્યક્તા છે અને એ પણ સિદ્ધ થશે, પણ આપણે એના ઉપર આધાર રાખી હાલ બેસી રહેવું યોગ્ય નથી. કર્તવ્યક્ષેત્રમાં આપણે થોડાં બીજો વાવશું તો તેમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક અંકુરો ઉત્પન્ન થશે. કાળને દૂષણ આપનારને એટલી વિજ્ઞપ્તિ કે તમે તમારી સર્વ શક્તિનો ઉપયોગ કરો અને છતાં ઇષ્ટ ફળસિદ્ધિ ન થાય તો પછી કાળને દોષ આપજો. કર્તવ્યની શરૂઆતમાં એવા વિચાર પાલવે નહિ અને પોસાય પણ નહિ. આટલો ઉપોદ્ઘાત કરી હવે આપણે જૈન સાહિત્ય, તેની વિપુળતા, તેની સેવા, તેના માર્ગો વિગેરે પ્રશ્નોનો વિચાર કરીએ. મૌક્તિક.

# જૈન શાસનની અપૂર્વ ઉદારતા.

જૈનશાસન અનાદિ કાળથી પ્રવર્તે છે. તેની પાસે દુનીઆના દરેક વિષયો છે. એવો કયો વિષય છે કે જૈનશાસનમાંથી ન મળી શકતો હોય? વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ, નાટક, ચંપુ, અલંકાર, વૈદ્યક, જ્યોતિષ, મંત્ર, તંત્ર, યંત્ર ઇત્યાદિ દરેક વિષયોથી જૈનશાસનના અંગો પરિપૂર્ણ છે, તે વિવિધ નયોથી રંગીત છે. તેના દરેક અંગમાં સ્યાદ્વાદ કેશરી પોતાની અસીમ ગર્જનાઓ કરે છે. આવું અપૂર્વ શાસન હોવાથી તેનામાં એક ખુબી રહેલી છે કે જે દુનીઆના કોઇ પણ ધર્મ, મહજબ, કે સોસાઇટીમાં જોવામાં આવતી નથી. અને તે ઉદારતા છે. ઉદારતા એ મહાન્ પુરૂષોનો એક મોટામાં મોટો ગુણ છે. મહાત્મા થવું હોય તો ઉદારતા ગુણને પહેલો કેળવવો જોઇએ. આજે આપણે કોઇ પણ કામમાં પછાત કેમ રહીએ છીએ ? ઘણા દેશનેતાઓ પછાત કેમ રહે છે ? તેનું કારણ માત્ર એટલુંજ જણાય છે કે આપણે ઉદારતા શીખ્યા નથી, આપણા દેશનેતાઓમાં ઉદારતા નથી. દાખલા તરીકે લાલા લાજપતરાય કે જેઓ પંજાબકેસરી કહેવાય છે અને સમગ્ર દેશના નેતાઓ પૈકીના એક છે. તેઓએ પોતાની કસાયેલી કલમથી પોતાની ઉદારતાનો પરિચય આપતાં જૈનધર્મ ઉપર કેટલાએ અસત્ય આક્ષેપો કર્યા છે. આવી તો દેશનેતાઓમાં ઉદારતા છે ! આવા નેતાઓ જે દેશમાં હોય, તે દેશ પછાત ન રહે તો આગળ કેવી રીતે વધી શકે ? જૈનધર્મ જો અત્યાર સુધી ટકી રહ્યો હોય તો તે માત્ર પોતાની ઉદારતાથીજ. જૈનોએ માત્ર પંચેન્દ્રી જીવોમાં નહિ કિન્તુ સંસારના સમસ્ત જીવોમાં અર્થાત્ એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના દરેક જીવોમાં ઉદારતાનો પરિચય આપ્યો છે.

ખંડન મંડન જેવા ગ્રંથોમાં પણ જૈનાચાર્યોની સભ્યતા કેટલી બધી ઉદારતાનો પરિચય આપે છે, અને ઇતરાચાર્યોની સભ્યતા કેવી ઉદારતાનો પરિચય આપે છે તે જોતાં જણાઇ આવશે. સમર્થ પ્રવચનકાર મહાત્મા હરિભદ્રસૂરિ મહારાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોમાં જ્યાં જ્યાં ખંડનનો વિષય આવશે, તે સ્થળે જે વિષયનું ખંડન કરવું હશે, તે વિષયના કર્તાને માટે મહર્ષિ, ઋષિ, ભગવાન્, મહાત્મા, એવા એવા વિશેષણો મૂકેલા છે, જ્યારે તેનાં બદલામાં જૈનેતર ગ્રન્થો જોઇશું, તો જૈનાચાર્યોને માટે નાસ્તિક, પાખંડી, મ્લેચ્છ, ઇત્યાદિ વિશેષણો મૂકેલા છે.

બીજી વાત એ છે કે બીજા દરેક દર્શનકારો કહે છે કે—**स्त्रीशूद्रौ नाधियेते** અર્થાત્ સ્ત્રી અને શુદ્ર ભણવાને અધિકારીજ નથી તેમનો મોક્ષમાં જવાનો અધિકારજ નથી, ત્યારે જૈનદર્શન તો પોકારી પોકારીને કહે છે કે દરેક મનુષ્ય મોક્ષમાં જવાનો અધિકારી છે, પછી તે ભલે સ્ત્રી હોય કે પુરૂષ હોય, બાળ હોય કે વૃદ્ધ હોય, યુવાન હોય કે યુવતી હોય, બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય, પરન્તુ દરેક મોક્ષમાં જવાને અધિકારી છે. ( જૈનોમાં પણ બે ફીરકાઓ છે, એક શ્વેતાંબર, અને બીજો દિગમ્બર, આ બે ફીરકાઓમાં ઘણાં મતભેદો છે, કિન્તુ મુખ્યતાએ બે વાત ઉપર વધારે ઉલ્લેખ છે, એક સ્ત્રીની મુક્તિ અને બીજી કેવળીનો આહાર–એ બે વાતો દિગમ્બરો માનતા નથી, જ્યારે શ્વેતાંબરો માને છે, યાને સ્ત્રીની મુક્તિ માને છે, અને કેવળીને આહાર પણ માને છે. )

ત્રીજી વાત એ છે કે જૈન ધર્મમાં જાતિપ્રધાન નથી, પરન્તુ ગુણ પ્રધાન છે, ભલે ચક્રવર્ત્તી હો વા વાસુદેવ હો, પરન્તુ શૂદ્ર પણ જો મુનિ થયેલ હોય તો તેને નમસ્કાર કરવોજ પડે. આ એકજ દાખલો ઉદારતાના પરિચયને માટે બસ છે.

ચોથી વાત એ છે કે કાવ્યને અંગે જગત તરફ દ્રષ્ટિપાત કરીશું ત્યારે ખબર પડશે કે જૈનકાવ્ય મોક્ષનું કારણ હોવાથી વૈરાગ્યની પુષ્ટિ કરે છે, ત્યારે જૈનેતરકાવ્યમાં સંસારનું કારણ જે શૃંગાર તેની પુષ્ટિ જોવામાં આવે છે. જૈનોમાં એવું એક પણ કાવ્ય નહિ હોય કે જે પોતાની માતા, બેન, યા પુત્રી સમક્ષ વાંચી ન શકાય, ત્યારે બીજાના કાવ્યોમાં કેટલાક તો પુરૂષ સમક્ષ પણ વાંચી ન શકાય તેવા છે. દાખલા તરીકે કુમારસંભવના આઠમા સર્ગમાં કવિ કાલીદાસે જે શૃંગાર આલેખેલ છે, તે કોઇ પણ સ્ત્રી તો શું પણ પુરૂષ સમક્ષ પણ વાંચતાં શરમ આવે છે, જ્યારે જૈનકાવ્યમાં એવો શૃંગાર કોઇ પણ સ્થળે નહિ મળે.

પાંચમી વાત એ છે કે જૈન કથા સહિત્ય તરફ જોઈશું તો અંતમાં કથાનાયક ન્યાય નીતિનું પાલન કરી, સ્વર્ગમાં ગયા, યા સાધુ થઇને મોક્ષમાં ગયા હોમજ હોય છે; ત્યારે બીજા જૈનેતર કથા સાહિત્યમાં કથાનાયક યા નાયિકા મરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાં ગયા. તેનો ઉલ્લેખ સરખો પણ હોતો નથી.

ચોથી વાત એ છે કે જૈનોનાં મૂળ આગમો તરફ દ્રષ્ટિપાત કરીશું તો તેમાં કોઇ પણ દર્શન, યા મતનું ખંડન જોવામાં આવતું નથી. દાખલા તરીકે એક વખત પરમાત્મા મહાવીર દેવને ગૌતમસ્વામીએ પૂછયું કે 'હે ભગવન્ ! કેટલાક લોકો કહે છે કે-પુણ્ય નથી, પાપ નથી, જીવ નથી, અજીવ[ કર્મ ] નથી, આશ્રવ નથી, બંધ નથી, સંવર નથી, નિર્જરા નથી અને મોક્ષ પણ નથી. તો શું એ વાત સાચી છે ?'( ગૌતમસ્વામી જો કે બધી વાત સમજતા હતા છતાં ભવ્ય લોકોના ઉપકારને માટે વારંવાર આવા પ્રશ્નો ભગવાનને પૂછતા હતા, અને ભગવાન તેનો સંપૂર્ણ જવાબ આપતા હતા. )ત્યારે ભગવાને તેના ઉત્તરમાં એમજ કહેલ છે કે-'હે ગૌતમ! પુણ્ય છે, પાપ છે, જીવ છે, અજીવ છે, બંધ છે, આશ્રવ છે, સંવર છે, નિર્જરા છે અને મોક્ષ પણ છે. આવી સંજ્ઞા તારા હૃદયમાં સ્થાપન કરજે, પરન્તુ 'નથી' એમ કહીશ નહિ, આ વાત સૂયગડાંગ સૂત્રમાં આળેખાયેલ છે. પરમાત્મા મહાવીરદેવ જેવા કોઇ પણ તીર્થંકર મહારાજે કોઇ પણ ધર્મનું ખંડન કર્યુંજ નથી. ગૌતમસ્વામી જે વખતે સમકિતી નહિ હતા, મિથ્યાદર્શનમાં પ્રવૃત્ત હતા, જ્યારે પોતે સમસ્ત સંસારમાં હું એકજ સર્વજ્ઞ છું તેમ માનતા હતા, અને એટલાજ માટે અભિમાનથી પરમાત્મા મહાવીર દેવની સાથે શાસ્ત્રાર્થ નિમિત્તે પધાર્યા હતા, ત્યારે તેમને તેમનાં સૂત્રોથીજ યાને વેદવાક્યોથીજ ભગવાને પ્રતિબોધ કર્યો હતો, વેદમાંથી પણ સત્ય શોધી બતાવ્યું હતું, કે જે અત્યારે ગણધરવાદના નામથી પ્રસિદ્ધ છે, આથી વધારે કેટલી ઉદારતા જોઇએ.

પાંચમી વાત એ છે કે દુનીઆના બીજા દરેક દર્શનકારો ભગવાનના સેવક થઇને રહેવા માગે છે, જ્યારે જૈનદર્શન તો એમ કહે છે દરેક જીવો ભગવાન બનવાને શક્તિમાન છે, દરેક જીવો પરમાત્મા બની શકે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ જૈનદર્શનની ઉદારતા સંબંધી ઉલ્લેખ કરેલ છે, દાખલા તરીકે ડોક્ટર ટેસીટોરી કે જેઓ એક ઇટાલીયન વિદ્વાન હોઇને સમસ્ત દર્શનના અભ્યાસક હતા. તેઓએ લખેલ છે કે 'જૈનદર્શનમાં જેવી ઉદારતા જોવામાં આવે છે, એવી બીજી કોઇ પણ સ્થળે જોવામાં આવતી નથી.' આવી રીતે અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ જૈનદર્શનના સંબંધમાં જ્યાં જ્યાં લખેલ છે. ત્યાં ત્યાં ઉદારતા માટે ખાસ ઉલ્લેખ કરેલ છે. આવા એક ઉત્તમ દર્શન ઉપર પણ આક્ષેપ કરવાવાળા જગત્‌ની અંદર પડ્યા છે. અજ્ઞાન લોકો તો આક્ષેપ કરે, પરંતુ દેશનેતાઓ જ્યારે આક્ષેપ કરે, ત્યારે કેટલી નવાઇ ગણાય ? જો કે તેઓ જે આક્ષેપ કરે છે, તે સાચા સાંભળ્યા પ્રમાણે તેઓનો દોષ નથી, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણો દોષ છે, કારણ કે જૈનદર્શન જાણવા માટે આપણે જગતને સામગ્રી પૂરી પાડેલ નથી. અરે! સામગ્રી આપવી તો દૂર રહી, પરંતુ આજથી ત્રીશ વર્ષ પહેલાં જૈનસાહિત્ય, તેમજ તે દર્શનના ગ્રન્થો, કોઇપણ પ્રકાશિત થયા ન્હોતા, તેવી સ્થિતિમાં જૈનદર્શન સંબંધી અજ્ઞાન લોકો જૈનદર્શન ઉપર આક્ષેપો કરે તે સ્વાભાવિક છે; પરંતુ હવે તે જમાનો નથી, કારણ કે જોઇએ તેટલી સામગ્રી વિદ્યમાન છે, સાહિત્ય તેમજ દર્શનગ્રન્થો જોઇએ તેટલાં પ્રકાશિત થયા છે, એટલે હવે એવો જમાનો આવતો જાય છે કે જૈનદર્શનને લોકો સમજવા લાગ્યા છે અને તેની ઉદારતાનો પરિચય કરવા લાગ્યા છે. આવા એક ઉત્તમ દર્શનની ઉદારતાનો લાભ સમસ્ત જગત લે એવી આશા રાખી વિરમું છું.

**મુનિ ચમરેન્દ્રવિજય.**

# तत्त्वार्थनुं रहस्य (वार्तारुपे)

**( અનુસંધાન પૃષ્ટ ૩૬૫ થી )**

પૂર્ણભદ્ર—તો પ્રથમ મોક્ષનો માર્ગ કયો ?

સુમતિ—સંસારી જીવને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે; તેમાં વિવેકીજનોને ધર્મ અને મોક્ષ બેજ પુરૂષાર્થ છે; અને તેથીજ મોક્ષના માર્ગથી શરૂઆત આ વિષયની થાય છે. "સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ ત્રણે જે જીવમાં એકી સાથે હોય તે જીવને માટે તે ત્રણે એકી સાથે મોક્ષનો માર્ગ છે." આ મોક્ષનો માર્ગ હોવાથી તે ત્રણને "રત્નત્રયી" કહેવાય છે. જેનીશક્તિવડે "તત્ત્વ"નું જે પ્રમાણે અસ્તિત્વ (હૈયાતી) અને પર્યાય (ફેરફાર) આદિ સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્માએ કહેલ છે તે પ્રમાણે જાણવું, વિચારવું અને તેમાં શ્રદ્ધા રાખી દૃઢપણે માનવું તે સમ્યગ્ દર્શન, તત્વનું યથાર્થસ્વરૂપ જાણવું-જ્ઞાન પ્રાપ્ત કરવું તે સમ્યગ્ જ્ઞાન, અને તે પ્રાપ્ત થતાં તે મુજબ શ્રદ્ધા રાખી મોક્ષપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતાં જે ચર્યા (વર્તન) કરવામાં આવે તે સમ્યગ્ ચારિત્ર. આ બાબતમાં "સમ્યગ્" એટલે રૂડું એ વિશેષણ મૂકવાનું કારણ એટલુંજ કે તે બાબતમાં મોહથી, સંશયથી, કે વિપરીતમતિથી વિપરીત અર્થ ગ્રહણ કરવો નહિ-તેનો અટકાવ કરવો.

આ ત્રણમાંના છેલ્લાના અસ્તિત્વે આગળના બે હોય; સમ્યગ્ ચારિત્ર જેનામાં હોય તેનામાં સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન પણ હોયજ. સમ્યગ્ જ્ઞાન જેનામાં હોય તેનામાં સમ્યગ્ દર્શન પણ હોયજ; અને પ્રથમનું હોય તો પાછળનું હોય કે ન પણ હોય. સમ્યગ દર્શન હોય તો તે જીવમાં સમ્યગ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન કે સમ્યગ્ ચારિત્ર હોય કે ન પણ હોય.

પૂર્ણભદ્ર—સમ્યગ્ દર્શન એટલે શું ?

સુમતિ—તત્ત્વના વિષયના યથાસ્થિત વર્ણનમાં શ્રદ્ધા તેજ સમ્યગ દર્શન કે સમકિત. તો તત્ત્વ શું ? "તસ્ય ભાવં તત્ત્વં" તેનું યથાસ્થિત સ્વરૂપ તેજ તત્ત્વ; અથવા તો "સન્માત્રં તત્ત્વં" જેનું અસ્તિત્વ (હૈયાતી) અને સ્વરૂપ તેજ તત્ત્વ "સં ચ ઉત્પાદ્વ્યયધ્રૌવ્યાત્મકમ્" અને સત્ (હૈયાતીવાળું) શું છે કે જેનામાં ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવતા (કાયમસ્વભાવ) રૂપ ત્રણ ધર્મો (ગુણો) હોય તે.

પૂર્ણભદ્ર—સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય ?

સુમતિ–સ્વાભાવિક એટલે કુદરતી રીતે અને અધિગમ એટલે પૂર્વના અભ્યાસથી, કોઇના ઉપદેશથી કે પૂર્વે દેખેલ ઉપકરણ (વસ્તુ)ના સ્મરણ કે દર્શન આદિથી સમ્યગ્ દર્શન થાય છે.

પૂર્ણભદ્ર—સમ્યગ્ દર્શન પ્રાપ્ત થતાં જીવમાં શું ફેરફાર થતા હશે ?

સુમતિ—મિથ્યાત્વ મોહનીય કર્મના યોગે જીવ અનંત પુદ્ગળ પરાવર્ત કાળસુધી અવ્યવહારરાશી–સૂક્ષ્મ નિગોદમાં અસહ્ય દુઃખો સહન કરી અકામ નિર્જરાના બળથી વ્યવહારરાશીમાં આવતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર તેની ભવ્યત્વ દશાનો પરિપાક (ઉદય) કાળ થતાં ઉત્પન્ન થતો જે શુભ અધ્યવસાય તદ્રૂપ પહેલું યથાપ્રવૃત્તિકરણ કરે. આ કરણ જીવ કરે ત્યારે આયુષ્યકર્મ સિવાયની બાકીની કર્મપ્રકૃતિઓની સ્થિતિ (કાળ) જે વિશેષ હોય છે તે ઘટાડીને એક કોડાકોડી સાગરોપમની કરે છે.

કોઇ કહે કે 'આટલી લાંબી સ્થિતિ ભોગવ્યા વગર ઘટાડી શી રીતે શકે ?' જવાબ કે–કર્મના બે પ્રકાર છે. અનિકાચીત અને નિકાચીત. અધ્યવસાયની તાકાત એટલી તીવ્ર છે કે અંતર્મુહૂર્તમાં સાતમી નરકયોગ્ય કર્મપુદ્ગળ એકઠા કરે, અને શુભ અધ્યવસાયયોગે અલ્પ કાળમાં મુક્તિ પણ પામે. આજ અધ્યવસાયથી અનિકાચીત એવા કર્મોની સ્થિતિ અને રસમાં ઘટાડો થાય છે.

જે અધ્યવસાયને યોગે પ્રથમ નહિ કહેલ એવાં ૧ સ્થિતિઘાત, ૨ રસઘાત, ૩ ગુણ શ્રેણી, ૪ ગુણ સંક્રમ અને ૫ અભિનવ સ્થિતિબંધ–આ પાંચ થઇ શકે તે બીજું અપૂર્વકરણ. આ કરણનું ફળ દુષ્કર્મથી ઉત્પન્ન થયેલ કઠોર, મજબૂત અને લાંબા કાળથી નહિ ભેદાયેલ અને દુઃખે કરી ભેદી શકાય તેવી રાગદ્વેષરૂપી ગાંઠને ભેદવી તે છે.

આ ગ્રંથીભેદ કર્યા પછી અનિવૃત્તિકરણ નામે ત્રીજા કરણમાં આવતાં જીવ સમયોત્તર (પ્રથમ સમય કરતાં પછીના સમયે સમયે) અનંતગુણી વિશુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણામ વિશુદ્ધિવાળો હોય છે અને તે અધ્યવસાય સમ્યગ્ દર્શન પમાડ્યા સિવાય પાછા પણ હઠતા નથી.

આ ત્રણ કરણ સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરતાં જીવ કરે; ત્રણ કરણનો દરેકનો કાળ અંતર્મુહૂર્ત અને ત્રણેનો સામટો કાળ પણ અંતર્મુહૂર્ત (પ્રથમના દરેક કરતાં મોટું) છે.

પૂર્ણભદ્ર—તત્ત્વ કયા કયા છે?

સુમતિ—મુખ્ય તત્ત્વ બે છે. જીવ અને અજીવ. સમજમાં આવે તે ખાતર તેના સાત કે નવ પણ ભેદ છે. પુણ્ય અને પાપ એ બે તત્ત્વો આશ્રવમાં પણ સમાઇ જાય છે, જ્યારે સંવર નિર્જરા અને મોક્ષ એ આત્મગુણપ્રાપ્તિમાં મદદગાર હોવાથી જીવમાં સમાય છે; તેમજ આશ્રવ અને બંધ તે અજીવમાં સમાય છે. એમ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ સાત તત્ત્વો થયાં. અથવા તો આશ્રવની પહેલાં પુણ્ય અને પાપ એમ બે વધારાના મૂકતાં નવ તત્ત્વો થાય છે.

પૂર્ણભદ્ર—આ તત્ત્વોનો ક્રમ કેવી રીતે ગોઠવેલ છે?

સુમતિ—જીવ તે સકળ તત્ત્વનો વિચાર કરનાર અને અજીવ તત્ત્વને ગ્રહણ કરનાર અને ભોગવનાર હોવાથી જીવ તે પ્રથમ તત્ત્વ; જીવ પ્રથમ લેતાં તેથી વિપરીત પણ તત્ત્વ હોવુંજ જોઇએ તેથી અજીવ બીજું; અજીવના કર્મરૂપ વિકારો પુણ્ય પાપરૂપે જીવમાં પ્રવેશતા હોવાથી આશ્રવ ત્રીજું; અને આવતા વિકારો ચોંટતા હોવાથી બંધ ચોથું; અને કર્મો આવતા હોવાથી તેનો અટકાવ કરનાર તત્ત્વ હોવું જોઇએ તેથી સંવર પાંચમું; અને નવા કર્મનો બંધ થતો હોવાથી (દેશથી) થોડા થોડા છુટા પણ થઇ શકતા હોવા જોઇએ તેથી નિર્જરા છઠું અને આત્મા કર્મથી બંધાય તો તે કર્મથી સર્વથા છુટો પણ થવો જોઇએ તેથી મોક્ષ તે સાતમું તત્ત્વ કહ્યું છે.

પૂર્ણભદ્ર—આટલે સુધી તો હું સમજ્યો. તો તત્ત્વોનું વિસ્તીર્ણ જ્ઞાન શાથી મળે?

સુમતિ—તત્ત્વોનું લક્ષણ ભેદ આદિ સ્વરૂપ સમજવામાટે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર નિક્ષેપા (વિશેષ જ્ઞાનપ્રાપ્તિના સાધન) કહ્યા છે. વસ્તુ ઓળખવા સંજ્ઞા રાખવી તે નામ; તેની ગેરહાજરીમાં–તેના બદલામાં તેના નામે સ્થાપવી તે સ્થાપના; ભૂત કે ભવિષ્યમાં કોઇ વિશિષ્ટ ગુણ પ્રાપ્ત કરવાની લાયકાત હોય અને તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કર્યો કે કરાતો હોય તે દ્રવ્ય; વર્તમાન સ્થિતિને અવલંબી ગુણનું જે અસ્તિત્વ કે હૈયાતી તે ભાવ. નીચેનો દાખલો તે સમજવામાટે સરલ થઈ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીર પરમાત્માનું "વીર" તે વીરનામ જીવ નિક્ષેપ; તેમની મૂર્ત્તિ બનાવી પૂજવી તે વીર સ્થાપના જીવ નિક્ષેપ; તેઓ મુક્તિ પામવાની લાયકાતવાળા હોઈ મુક્તિને પામ્યા હોવાથી વીર દ્રવ્ય જીવ નિક્ષેપ; અને તેઓ જ્યારે વીર રૂપે હતા તે વખતે તેઓમાં વીર ભાવ જીવ નિક્ષેપ હતો. આ પ્રમાણે ચાર નિક્ષેપા દરેક તત્ત્વને લાગુ કરતાં સામાન્ય અને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે.

પૂર્ણભદ્ર—આ સિવાય કોઇ અન્ય રસ્તો છે ?

સુમતિ—પ્રમાણ (અનુભવ, આગમ, અર્થાપત્તિ, અનુમાન, ઉપમા, સંભવ અને અભાવ) અને નય (નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, એવંભૂત, સમભિરૂઢ અને શબ્દ) દ્વારા પણ જ્ઞાન થાય છે. આનું સ્વરૂપ અવસરે કહીશ.

પૂર્ણભદ્ર—તો મને તત્ત્વની વ્યાખ્યા આદિ સમજાવો.

સુમતિ—નિર્દેશ-વ્યાખ્યા કે સ્વરૂપ; સ્વામીત્વ-માલીકી, અધિકારી; સાધન; અધિકરણ-સંબંધ; સ્થિતિ-કાળ અને વિધાન-પ્રકાર આ સર્વ બાબત રત્નત્રયી અને તત્ત્વોમાં ઘટાવવાથી ટુંકમાં સર્વ સામાન્ય જ્ઞાન થાય છે. તે અવસરે કહીશ. અપૂર્ણ.

**ચીમનલાલ દ. શાહ.**

## વ્હેનોને વિનંતિ.

"રામ—હે પ્રિયા! રાજવૈભવમાં ઉછરેલા એવા તમારાથી વનવાસના કષ્ટ નહીં સહેવાય. નથી ત્યાં પૂરતાં સાધનો પણ મળવાના કે જેથી તમને હું સંતોષી શકું, માટે સાથે આવવાનો આગ્રહ છોડી દ્યો.

સીતા—નાથ! આમ કહેવું તમને ન ઘટે, તમારો સહવાસજ મારે માટે બસ છે, પતિવ્રતાનો ધર્મ એજ છે કે પતિસહ સુખદુઃખમાં ભાગીદાર થવું. જેમ મનુષ્યની છાયા તેની પાછળજ રહે છે, તેમ તમારી પાછળજ હું આવવાની. મને બીજી ઇચ્છા પણ ન હોય."

આધુનિક સમયની બ્હેનો! તમે જરા ઉપરનો સંવાદ ધ્યાનપૂર્વક વિચારશો ? તમે હિંમતથી એમ કહી શકશો કે તમે પણ તેવા પ્રકારનું પતિવ્રત પાળો છો ? તમારો ઝીણા અને ફેન્સી વસ્ત્રોનો તથા નવા નવા ઘાટનો મોહ તમારાં પતિ કરતાં પણ વધી જાય છે.

જ્યાં લગી તે ચીજો તમને માગ્યા મુજબ મળે છે ત્યાં સુધી તમારા મુખ હસતાં હોય છે, પણ તેમ કદાચ ન મળ્યું તો કજીઆરૂપ ડાકિણીની પધરામણી જરૂર થવાની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં આવી તમારો જન્મ માત્ર વસ્ત્રાભૂષણની ટાપટીપમાંજ પસાર થઇ જાય છે. દેરાસર કે વ્યાખ્યાન, જમણ કે વરઘોડામાં તમે બીજું શું જુઓ છો? અને વખાણ પણ શાના કરો છો ? તમારી આ અજ્ઞાનતા હવે તો દૂર કરો. તમે જે કપડા ઉપર મોહી રહ્યા છો તેને તૈયાર કરતાં લાખો જીવોનો ઘાણ નીકળે છે. વળી તે વિલાયતથી આવે છે એટલે તમારા પૈસા ત્યાં જાય છે અને તેમાંથી દારૂ ગોળા આદિ પાપારંભનાં કાર્યો થાય છે. આને બદલે જો તમે ખાદીનાં કપડાં વાપરો તો તેમાં નહિ જેવીજ હિંસામાત્ર લાગે, વળી તમારાજ દેશની અને તમારા જેવી લાખો બ્હેનોને અન્નપાન મળે, હજારો ગરીબો જેઓ માત્ર એક વખત ખાઇને ચલાવે છે તેમને બે ટંક ખાવા પણ મળે, ધંધા વિના કેટલીએ નારીઓ નીચ કર્મ કરે છે તેમને ધંધો મળે અને તેથી કુમાર્ગે જતી અટકે, આ ઉપરાંત તમે જાતે રેંટીઓ ફેરવો અને કાંતતા વણતા શીખો તો તમારામાં જે નાજુકાઇ, આળસ, નબળાઇ, રોગ અને કુથલી આદિ દોષો દાખલ થયા છે તે નીકળી જાય અને પાસે કંઇક રકમ પણ થાય, જે તમારી જાત મહેનતની હોવાથી તમે સુમાર્ગે ખરચી ઉત્તમ લાભ મેળવી શકો.

તમારા જેવી સામાન્ય સ્થિતિની નારી રતનબાએ રેંટીઓ કાંતીને પોતાનો ઘરસંસાર ચલાવ્યો, ગરીબાઇ હતી તે દૂર કરી અને મુંડી વધારી. શ્રી હીરવિજય સૂરિના સમયમાં શત્રુંજયનો સંઘ પણ કહડ્યો. આજે પણ તમે જોશો કે ઘાંચી મોચી જેવી હલકી કોમની સ્ત્રીઓ દિવસની આખરે કંઇક રકમ ઘરમાં લાવે છે. વળી તેમના શરીર પણ ઉદ્યમી રહેવાથી નિરોગી મજબૂત બને છે. ત્યારે ઓ શ્રાવક જેવા શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થએલી શ્રાવિકાઓ ! તમે શું કરો છો ? કુથલી નિંદા કરી કર્મ બાંધો છો. ટંટા કળહ જગાડો છો. મરજીમાં આવે તેમ ફેન્સી અને બારીક કપડામાં, તેની શીલાઇઓમાં અને તેની ઝુલોમાં પૈસા ખરચો છો, આળસુ બનીને હમેશાંના રોગી રહો છો, તમારા ખર્ચાળપણાથી તમારા ધણીઓને વધારે પસા મેળવવા માટે ગમે તેવા કાળાં ધોળાં કરવાની કે લોહીના પાણી કરવાની ગંભીર ફરજમાં હડસેલો છો. તમને કોઇ પણ જાતનો ઉદ્યોગ તો આવડેજ શી રીતે ? ભાગ્યેજ સોમાં દશને આવડે અને તેમાં પણ કરતાર તો એકાદ હોય. હા, ઉદ્યોગમાં ફરવાનું અને હાયહાય કરવાનું સૌથી સારૂં આવડે છે.

અમને પણ એક દિવસના ભોજન માટે ટીપ કરતાં આવડે છે, પણ આવા કોઇ ઉદ્યોગને માટે ફંડ કરતાં નથી આવડતું એ પણ અફસોસની વાત છે.

બ્હેનો ! અમે બધા હાલ તો કુંભકરણની નિદ્રામાં સુતા છીએ, કદાચ પ્રભુના નામથી જાગીશું, પણ તમે ધર્મની શ્રદ્ધાવાળી થઇ હજુ પણ વસ્ત્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણુશ્રી સર્જેલી પુતળીઓજ બની રહેવા ઇચ્છો છો ? જો કે હાલ સીતાની માફક તમારે વનમાં તો જવાનું નથી, પણ તમારે હદ બહારના વધી ગયેલા ખરચ ઓછા કરવામાં તમારા સ્વામીઓને મદદગાર થવાનું છે. હવે સાદાઇને ખીલાવવાની છે. હજારો જીવોને મરતાં બચાવવા માટે અને અધર્મી તથા દરિદ્રી થતાં અટકાવવા માટે માત્ર ખાદીનાં વસ્ત્રો પહેરવાનાં છે. કદાચ ભાર લાગશે, ધોતાં અડચણ પડશે, સફાઇદાર નહિ પણ હોય, ભપકાદાર નહિ લાગે, છતાં ફાયદો તો જરૂર કરશે. સીતાજીએ વનવાસનાં દુ:ખ વેઠ્યાં તેની આગળ આ હરકતો કયા હિસાબમાં છે ? ખાદી પહેરવાથી બીજા કેટલાએ લાભ થાય છે, જે અનુભવ કર્યા વિના સમજાય તેમ નથી. તીર્થંકર અને મહાત્માઓને જન્મ આપનારી નારીજાતિમાં ઉત્પન્ન થયેલી ઓ બ્હેનો ! હવે તો તમારી આંખ ઉઘાડો અને યોગ્ય માર્ગે પ્રવૃત્તિ કરી આત્મહિત કરવાને સાવધાન થાઓ.

**મોહનલાલ ડી. ચોકસી.**

# वर्तमान समाचार.

## ૧ શ્રી રાંધણપુરમાં થયેલ આંબેલ વર્ધમાન તપની શરૂઆત.

પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજના સદુપદેશથી શ્રી રાંધણપુર ખાતે ઉપર જણાવેલ મહાન્ તપના કરનાર શ્રાવક શ્રાવિકા ૪૫ લગભગ થયા છે અને હજુ વધવા સંભવ છે. તેમને કાયમ આંબેલ કરવાની સગવડને અંગે એક ફંડ શરૂ કરતાં અને તેમાં તિથિ પર્વાદિકને માટે તેમજ છુટક દિવસને માટે અમુક રકમ લેવાનો ઠરાવ કરતાં સુમારે રૂા. ૨૫૦૦૦) ઉપરાંત થયા છે. હજુ ફંડ વધતું જાય છે. આંબેલની શરૂઆત પોસ વદિ ૭ થી કરવામાં આવી છે. છુટા આંબેલ પણ ઘણા શ્રાવક શ્રાવિકાઓ કરે છે. એકંદર આંબેલની સંખ્યા બહુ સારી આવી છે. શેઠ મોતીલાલભાઇ મુળજીનો આ ખાતામાં બહુ સારો પ્રયાસ છે. વ્યવસ્થાપકો અને કાર્યવાહકોની પણ યોગ્ય નીમણોક કરવામાં આવી છે. અમે એ ખાતાની પ્રગતિ ઇચ્છીએ છીએ અને તેનું અનુકરણ બીજા શહેરોવાળાઓને કરવાનું સૂચવીએ છીએ.

## ૨ દીક્ષા મહોત્સવ અને ઉદ્યાપન મહોત્સવ.

હાલમાં આ માસમાં રાંધણપુર-ભાવનગર-બીયાવર વિગેરે સ્થળોએ દીક્ષા મહોત્સવો થયા છે. તેમજ શમી, અમદાવાદ વિગેરેમાં ઉદ્યાપન મહોત્સવો થયા છે. આચાર્ય પદવીના મહોત્સવો પણ થયા છે, પરંતુ એ બધી હકીકત અમે ક્રમસર માસિકમાં આપી શકતા નથી. અને ઓછી વત્તી લખાઇ જવાથી સુખ દુ:ખ લાગવા સંભવ છે. વળી એવા સમાચાર પ્રગટ કરવાનું કામ ન્યુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પેપરોનું છે. તેથી પ્રસિદ્ધ ન કર્યા માટે કોઇએ પણ અમારા પર ખોટું લગાડવાનું નથી. અમે દરેક શુભ ક્રિયાનું અંતઃકરણથી અનુમોદન કરીએ છીએ અને શુભ કાર્ય કરવામાં મળેલા દ્રવ્યનો સદુપયોગ કરવા દરેક ગૃહસ્થને પ્રેરણા કરીએ છીએ. સારાં કાર્યો જ્યાં જ્યાં થાય છે ત્યાં બહોળે ભાગે મુનિરાજના ઉપદેશનુંજ પરિણામ હોય છે. તેથી તેમણે શુભ કાર્યની પ્રેરણા કર્યાજ કરવી એમ પ્રાર્થીએ છીએ.

## ૩ શ્રી સિદ્ધાચળ આવેલા સંઘ.

ચાલુ માહ માસમાં શ્રી સિદ્ધાચળ બે મોટા સંઘ આવેલા છે. બંનેમાં માણસોની સંખ્યા એક હજાર ઉપરાંત અને પંદરસો લગભગ આવેલ છે. બંને સંઘવીઓએ મળેલા દ્રવ્યનો પુરેપુરો લાહો લીધો છે.

પ્રથમ સંઘ શ્રી સુરતથી શેઠ પ્રેમચંદ કૃષ્ણાજીએ રેલવે રસ્તે કાઢેલો મહા શુદિ ૧૩શે આવ્યો હતો. જેમાં આવવા જવાની રેલ ફી સુધાં તમામ ખર્ચ સંઘવીને માથે હતો. સંઘની સાર સંભાળ બહુ સારીરીતે લેવામાં આવી હતી. એ સંઘ પાછો રેલવેમાં મહાવદિ ૩ જે વિદાય થયેલ છે.

બીજો સંઘ શ્રી અમદાવાદથી ઝવેરી મોહનલાલ ગોકળદાસે છરી પાળતો કાઢયો છે. તે પોષ વદિ ૧૦મે અમદાવાદથી નીકળ્યો અને મહા વદ ૧૩શે પાલીતાણે પહોંચ્યો છે. સંઘની સંભાળ બહુ સારી રીતે લેવાણી છે. સંઘવીએ માર્ગમાં બહુ ઉદાર દિલથી ખર્ચ કરી મળેલી લક્ષ્મી સારી રીતે સફળ કરી છે. તેમના પુત્રોએ સંઘભક્તિ કરીને જીંદગી સફળ કરી છે.

## ૪ ગુજરાત સાહિત્ય પરિષદ્.

આ પરિષદ્‌ની ૭મી બેઠક તા. ૧૮-૧૯-૨૦ એપ્રીલે ભાવનગર ખાતે થનારી છે. સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે લોકપ્રિય મે૦ પટ્ટણી સાહેબની નીમનોક કરવામાં આવી છે. પરિષદ્‌ના પ્રમુખ રા. રા. કમળાશંકર પ્રાણશંકર દ્વીવેદી નીમાણા છે. પરિષદ્‌માં જૈન વિભાગ ખાસ રાખવામાં આવ્યો છે. તેને માટે વિદ્વાન મુનિઓ તથા શ્રાવકો પાસે નિબંધો-લેખો માગતાં કેટલાક આવ્યા છે, ને કેટલાક આવનાર છે. જૈન બંધુઓએ આ પરિષદ્‌ના પ્રસંગ ઉપર પધારી તેનો લાભ લેવાની આવશ્યક્તા છે. નિબંધ મોકલવાની પણ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભાને મળેલી ઉદાર દિલની સખાવત.

આ સભા જૈન વર્ગમાં ઘણા લાંબા વખતની ( ૪૨ વર્ષની ) હોવા છતાં તેને માટે ખાસ મકાનની સગવડ હજુ સુધી થયેલી નહોતી, તેથી ઘણી અગવડ સહન કરવી પડતી હતી. તે દૂર થવા શહેરના મધ્યભાગમાં એક જમીન ખરીદ કરી હતી. તેનાપર મકાન બાંધવાનો નિર્ણય થતાં ખર્ચને માટે ફંડ કરવાની શરૂઆત કરી હતી. દરમ્યાન રાણપુરનિવાસી ઉદારદિલ શેઠ. નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસને એ સંબંધમાં વિનંતિ કરવાનો વિચાર થતાં માહ શુદિ ૧૧ શે આ સભાના પ્રમુખ ને મંત્રી રાણપુર ગયા હતા. ત્યાં જઇને યોગ્ય રીતે સભાનું મકાન તેમનાજ નામથી બાંધવાની અરજ કરતાં અને તેના બાંધકામમાં સુમારે રૂા. ૨૫૦૦૦)નો ખર્ચ થવાનો સંભવ જણાવતાં બીલકુલ આગ્રહ કરાવ્યા શિવાય એ ઉદારદિલના ગૃહસ્થે તે રકમ આપવાનો સ્વીકાર કર્યો છે. તેને માટે સભા તેમનો અંતઃકરણથી આભાર માને છે. સભાએ મકાનને તેમનું નામ આપવાનો, તેમના નામનો શિલાલેખ ચોડવાનો અને તેમનો ઓઇલ-પેન્ટીંગ મૂકવાનો ઠરાવ કરી કૃતજ્ઞતા દર્શાવી છે. આવી ઉદારતા બીજા જૈન બંધુઓને અનુકરણીય છે. મળેલા દ્રવ્યનો સદુપયોગ આ રીતેજ થઇ શકે છે. પુણ્યાનુબંધી પુણ્યથી મળેલી લક્ષ્મીનોજ આવો સદુપયોગ થઇ શકે છે.

## શ્રી તાળધ્વજ તીર્થ સંબંધી નિર્ણય.

શ્રી તાળધ્વજ તીર્થ તળાજા શહેર પાસેજ એક ટેકરી પર આવેલું છે. તે તીર્થ બહુ વર્ષોનું છે. વચમાં મુસલમાની વખતમાં મુર્તિઓ ભૂમિમાં ભંડારેલી, તે બહાર નીકળ્યા બાદ જુનું મંદિર સુધારી તેમાં પધરાવેલ છે. મૂળનાયકજી શ્રી સુમતિનાથજી છે. તે સાચાદેવના નામથી પ્રસિદ્ધ છે. તે મંદિરના ગઢની બહારના ભાગમાં બીજો ગઢ છે, તેની અંદર હાલ એક મહાન્ મંદિર શ્રી અમદાવાદના ગૃહસ્થ બંધાવે છે. તે લગભગ પૂરૂં થવા આવ્યું છે. તેનું કામ થોડા વખત ઉપર અટકાવવામાં આવ્યું હતું. તે ઉપરથી સુમારે સો વર્ષ ઉપરાંતનો નામા વિગેરેનો પુરાવ રજુ કરવાથી ભાવનગર સ્ટેટની નામદાર કાન્સીલે આપણો કબજો ભોગવટો કાયમનો સ્વીકાર્યો છે, અટકાયત દૂર કરી છે અને આપણા લાભમાં ઠરાવ કરી ખબર આપ્યા છે. તે ઉપરથી કામ શરૂ કરવામાં આવ્યું છે. તે મંદિરમાં ફાગણ શુદિ૩જે બિંબ પ્રવેશ કરવાના છે. પ્રતિષ્ઠા વૈશાખ શુદિ૫ મે ઠરી છે. આ શુભ કાર્યમાં ભાગ લેવા જૈન વર્ગને વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.

पुस्तक ३९ मुं.

जं कल्लं कायव्वं, तं अज्जंचिय करेह तुरमाणा ।
बहु विग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

સંવત ૧૯૭૯ ના ચૈત્રથી સંવત ૧૯૮૦ ના ફાગણ સુધી અંક ૧૨.


## વાર્ષિક અનુક્રમણિકા.

### ૧ પદ્યાત્મક લેખો.


| | | |
|---|---|---|
| ૧ વીરાને આશીર્વાદ. | ( સુંદર ) | ૧ |
| ૨ જ્ઞાનદાન. | [ અમૃતલાલ માવજી ] | ૨ |
| ૩ લક્ષ્મીની અસ્થિરતા. | [ મુનિ. કસ્તુરવિજય ] | ૩ |
| ૪ પ્રભુમાં પ્રેમ. | [ અમૃતલાલ માવજી ] | ૩૫ |
| ૫ ચેતનને ઉપદેશ. | ,, | ૩૬ |
| ૬ ભાવી અને કુદરતનો સંકેત. | ,, | ૩૬ |
| ૭ વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. | [ મુનિ. કસ્તુરવિજય ] | ૩૭ |
| ૮ ઉપદેશક દુહા. | [ સંગ્રાહક સ. ક. વિ. ] | ૭૧ |
| ૯ કમાણી શું કરી સાચી ? | [ મુનિ. કસ્તુરવિજય ] | ૭૨ |
| ૧૦ સ્વાર્થી સંસાર. | [ સુંદરલાલ ] | ૭૩ |
| ૧૧ વિષયવાસના. | [ છગનલાલ નહાનચંદ ] | ૧૦૩ |
| ૧૨ આદર્શ માતા. | [ સુંદરલાલ ડાહ્યાભાઈ ] | ૧૦૪ |
| ૧૩ બાળકને ઉપદેશ. | [ નંદલાલ વનેચંદ ] | ૧૦૫ |
| ૧૪ સતી સ્ત્રીનાં સુંદર સૌભાગ્યભૂષણો. | [ રાજપાળ મગનલાલ ] | ૧૩૫ |
| ૧૫ અમૃતનો ઘુંટડો | [ સુંદરલાલ ] | ૧૩૬ |
| ૧૬ દુર્લભ મનુષ્યત્વને નિરર્થક કરતા જીવોને ચેતવણી. | | ૧૩૭ |
| ૧૭ ધર્મવિના કાંઇએ સુધરવાનું નથી. | [ મુનિ. કસ્તુરવિજય ] | ૧૩૭ |
| ૧૮ એથી ભલા. | [ રાજપાળ મગનલાલ ] | ૧૬૭ |
| ૧૯ અનિત્ય ભાવના. | [ સુંદરલાલ ] | ૧૬૮ |
| ૨૦ પ્રસ્તાવિક કાવ્યો. | [ શિવશંકર રેવાશંકર ] | ૧૬૯ |
| ૨૧ વેષ ભવાઈનો. | [ ભીખાભાઇ છગનલાલ ] | ૧૬૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૨ શ્રી વરકાણા પાર્શ્વનાથનું સ્તવન. | [ મુનિ વલ્લભવિજયજી ] | ૨૦૦ |
| ૨૩ મોહરાજાની અચિંત્ય શક્તિ. | [ ઓધવજીભાઇ ગીરધર ] | ૨૦૧ |
| ૨૪ આત્મોપદેશ. | | ૨૩૧ |
| ૨૫ દુર્જન સંગ નિષેધક કવિતા. | [ ભાઇલાલ સુંદરજી ] | ૨૩૨ |
| ૨૬ વીર પ્રભુના જન્મ સમયનો અપૂર્વ આનંદ. | [ ગોરધન વીરચંદ ] | ૨૩૨ |
| ૨૭ ઉપરના કાવ્યનું વિવેચન. | ,, | ૨૩૩ |
| ૨૮ નૂતન વર્ષ. | [ સુંદરલાલ ] | ૨૬૩ |
| ૨૯ દીવાળી દર્શન. | ,, | ૨૬૪ |
| ૩૦-૩૧ કૃષ્ણ વાસુદેવે બતાવેલો ખેદ. | [ એક જિજ્ઞાસુ ] | ૨૬૫ |
| ૩૨ શ્રીમાન્ વર્ગને શિખામણ. | [ ભીખાભાઈ છગનલાલ ] | ૨૬૬ |
| ૩૩ પ્રભુ પ્રાર્થના. | [ જીવણ-બનેડા ] | ૨૯૨ |
| ૩૪ બોધ દાયક દોહરા. | [ ઉત્તમ-જુનાગઢ ] | ૨૯૭ |
| ૩૫ ખાસ ઉપદેશક કવ્વાલી. | | ૨૯૮ |
| ૩૬ ચોપડો આ મનનો. | [ ભીખાભાઇ છગનલાલ ] | ૨૯૯ |
| ૩૭ ક્રોધ વિષે ગઝલ. | | ૩૦૦ |
| ૩૮ મનને શિખામણ. | [ નગીનદાસ ગટાભાઇ ] | ૩૦૧ |
| ૩૯ બ્રહ્મચર્યની શ્રેષ્ટતા. | | ૩૨૯ |
| ૪૦ પ્રસ્તાવિક ઉપદેશ. | | ૩૩૦ |
| ૪૧ સદુપદેશ-અંતર્લાપિકા. | [ મણિલાલ કસ્તુરચંદ ] | ૩૩૧ |
| ૪૨ સદ્ગુરૂ પ્રાર્થનાષ્ટક. | ,, | ૩૩૨ |
| ૪૩ પ્રવીણતા. | [ ભીખાભાઇ છગનલાલ ] | ૩૩૨ |
| ૪૪ જિનવર સ્તુતિ. | ,, | ૩૬૯ |
| ૪૫ દર્દીનો પોકાર. | ,, | ૩૭૦ |
| ૪૬ આત્મોપદેશ. | | ૩૭૧ |
| ૪૭ બોધદાયક દોહરા. | [ ચુનીલાલ સોભાગચંદ. ] | ૩૭૧ |


## ધાર્મિક લેખો.


| | | |
|---|---|---|
| ૧ મહાવીરની કૈવલ્ય (નિર્વાણ) ભૂમિ. | (રા. કાલેલકર) | ૧૫ |
| ૨ સત્ય ઇતિહાસનો થતો અનાદર. | (મુનિ ન્યાયવિજય) | ૧૮ |
| ૩ શ્રી જૈન ધર્મ પ્રકાશ મહિમાષ્ટક-સંસ્કૃત. | (મુ. ચતુરવિજય) | ૨૪ |
| ૪ ,, નો અર્થ. | (પંડિત જગજીવનદાસ.) | ૨૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૫ વિચારણા અને અવલોકન. (મૌક્તિક) ૪૦–૩૫૩
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય. (તંત્રી) ૪૭–૭૭–૧૧૬–૧૫૧–૧૮૯–૨૧૧
૨૫૦–૨૮૨–૩૮૧
૭ પ્રશ્નોત્તર. (તંત્રી) ૫૪–૮૬–૧૧૧–૧૧૨–૧૪૫–૧૪૮–૧૪૯–૧૭૫
૨૧૬–૨૩૯–૨૫૬–૨૬૯–૨૭૫–૩૦૬–૩૧૪–૩૪૩–૩૫૦–૩૭૭
૮ ધર્મક્રિયા વિવેક. (તંત્રી) ૫૮–૬૪
૯ શાસનપ્રેમી ભાઇબ્હેનોની ફરજ. (સ. ક. વિ.) ૭૪
૧૦ શાણી ને સહૃદય શ્રાવિકાઓ પ્રત્યે બે બોલ. ,, ૭૫
૧૧ શ્રી ચિદાનંદજીકૃત બહોંતેરીમાંથી પદો-સાર્થ. (સ. ક. વિ.) ૮૦–૨૨૮–૩૦૧
૩૦૨–૩૩૯–૩૪૧
૧૨ પ્રશ્નોત્તર. (રાજપાળ મગનલાલ.) ૮૫
૧૩ સમકિતના ૬૭ બોલનું વિવરણ. (સ. ક. વિ.) ૧૦૬
૧૪ ચૈત્યવંદન સ્તવનો માટે ખાસ સૂચના. (તંત્રી) ૧૦૮
૧૫ સમકિત, સમ્યક્ત્વ, સમ્યગ્ દર્શન. (સ. ક. વિ.) ૧૦૯
૧૬ કેટલાક જૈન પારિભાષિક શબ્દોના સ્પષ્ટાર્થ. ,, ૧૩૯
૧૭ સુમતિ અને સુશીલનો ધર્મ સંવાદ. ,, ૧૪૧
૧૮ જિનચૈત્ય–પ્રતિમાદિક સંબંધે કંઇક. ,, ૧૪૩
૧૯ દયા–જયણા–યા અનુકંપા. ,, ૧૪૪
૨૦ શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન અર્થસહિત. ,, ૧૫૭
૨૧ શ્રી સિદ્ધાચળનું ચૈત્યવંદન ,, ,, ૧૫૯
૨૨ શ્રી ઋષભદેવનું સ્તવન. ,, ,, ૧૮૮
૨૩ શ્રાવક ધર્મવિધિ પંચાશકનું ભાષાંતર. ,, ૨૦૨
૨૪ ધર્મોપદેશ–સૂક્ત વચન. ,, ૨૩૫
૨૫ સૂક્ત ઉપદેશ વચનો. ,, ૨૩૭
૨૬ પ્રશ્નોત્તર. ,, ૨૩૮
૨૭ આપણો જૈન ધર્મ. [પ્રભુદાસ. બો. મહેતા] ૨૪૮
૨૮ નંદી સ્તુતિઓનો અર્થ–વ્યાખ્યા. [સ. ક. વિ] ૨૬૭
૨૯ લાલા લજપતરાયના પાંચ મુદ્દાના ઉત્તર. (પંડિત લાલન) ૩૧૬
૩૦ ખરી જીવદયા કયાં છે? (તંત્રી). ૩૫૨
૩૧ તત્ત્વાર્થનું રહસ્ય–વાર્તારૂપે. [ચીમનલાલ દ. શાહ.] ૩૬૨–૩૯૫
૩૨ શત્રુંજયના યાત્રાળુ માટે સમયોચિત બે બોલ. (સ. ક. વિ.) ૩૭૨
૩૩ દરેક જૈન યાત્રાળુને અગત્યની સૂચના. ,, ૩૭૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૪ પ્રભુ મહાવીરની જયંતિને અંગે બે બોલ. [સ. ક. વિ.] ૩૭૫
૩૫ જૈન સાહિત્ય સેવા. ( મૌક્તિક. ) ૩૮૮
૩૬ જૈન શાસનની અપૂર્વ ઉદારતા. [ મુનિ ચમરેંદ્રવિજય. ]. ૩૯૨
પેટા લેખ ગણતાં કુલ લેખ. ૬૯


## નૈતિક અને સામાન્ય ઉપદેશક લેખો.


૧ સુબોધ વાક્યો. ( સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી ). ૮
૨ આપણી ભાવી ઉન્નતિના સાધનો. ,, ૧૧
૩ પુત્રવધૂ પરીક્ષા. ,, ૧૨
૪ સૂક્ત વચનો સારરૂપે. ,, ૧૩
૫ હોળી કેમ ઉજવશો. ? ( જયંતિલાલ છબીલદાસ ] ૩૪
૬ ઉપદેશ. ( સ. ક. વિ. ) ૩૮
૭ આપણી દશા પલટાવવા શું આદરવું ઘટે છે ? ,, ૩૯
૮ મનુષ્યની ત્રણ અવસ્થા. ( નંદલાલ વનેચંદ ]. ૫૬
૯ સુબોધ સંગ્રહ. [ અમૃતલાલ માવજી ]. ૬૦
૧૦ જીવનચક્ર. ( નવજીવન પત્ર ). ૯૦
૧૧ પોપટીયું જ્ઞાન. [ ભાઈલાલ સુંદરજી ]. ૯૨
૧૨ પ્રભાસ ચિત્રકારના કામપરથી લેવાનો બોધ. [ સ. ક. વિ. ]. ૧૦૯
૧૩ સંતોષવગર ખરૂં સુખ ક્યાં છે ? ,, ૧૧૦
૧૪ રત્ન ફેંકીને થયેલા પશ્ચાતાપનું દષ્ટાંત. ૧૨૦
૧૫ વચનામૃતો. [ માનશંગ મલુકચંદ ]. ૧૨૧
૧૬ એક મિત્રપર લખેલા બે પત્રો. [ જ્ઞાન પીપાસુ ). ૧૨૨
૧૭ વચનામૃતો. [ જયંતિલાલ છબીલદાસ ]. ૧૨૯
૧૮ સુબોધ વ્યાખ્યાન. ( અમીચંદ કરશનજી ). ૧૩૫
૧૯ સમાજની ઉન્નતિ માટે સમયોચિત કેળવણીનો પ્રચાર. [સ. ક. વિ. ] ૧૭૧
૨૦ દેહ, મન, ને ઇંદ્રિયના દમનથી થતા અનેક લાભ, ,, ૧૭૨
૨૧ બ્રહ્મચર્યની જરૂર. ,, ૧૭૩
૨૨ મહાપુરૂષોના વિચારરત્નો. [ જયંતિલાલ છબીલદાસ ]. ૨૨૨
૨૩ સમયોચિત ઉપયોગી સૂચનાઓ. [ લાલચંદ નેમચંદ ]. ૨૨૬
૨૪ પુષ્પોનાં પરિમલ. [ અમૃત ]. ૨૭૮
૨૫ કર્મની વેદીપર. [ મુનિ ચમરેંદ્રવિજય ]. ૨૭૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૬ વર્તમાન યુગમાં નોવેલોનું સ્થાન. ( મુનિ દર્શનવિજય )
૨૭ આત્મવિકાસ અર્થે મનને બોધ. [ અમૃતલાલ છોટાલાલ ]
૨૮ સદ્ઉદ્યમવડેજ ખરૂં સ્વરાજ્ય મેળવી શકાય છે. [ સ. ક. વિ. ]
૨૯ આપણી પ્રજા નિર્બળ કેમ બને છે ? ”
૩૦ નવયુગના જૈન સાધુ. ( પરભુદાસ ]
૩૧ મહાપુરૂષોના વિચારરત્નો. ( જયંતિલાલ છબીલદાસ )
૩૨ ઉચ્ચ કેળવણી ને તે મેળવવાના દ્વાર. ( અમૃતલાલ છોટાલાલ )
૩૩ સોનેરી સૂત્રો. ”
૩૪ જૈન વીરો ! હવે તો જાગો (પી. એન. શાહ )
૩૫ બ્હેનોને વિનંતિ. ( મોહનલાલ ડી. ચોકસી )


# પ્રકીર્ણ લેખો.


૧ નવું વર્ષ.
૨ કેટલાક ખુલાસા.
૩ અંબાજીના અને કુંભારીઆજીના મંદિરનો મુકાબલો. (વસંત માસિક)
૪ લગ્નપ્રસંગના રહસ્યમય મુદ્રાલેખો. (જયંતિલાલ છબીલદાસ) ૬૨
૫ જૈન યુવક પરિષદની આવશ્યકતા.
૬ પુસ્તકો અને રિપોર્ટોની પહોંચ. ૬૭–અંક ૩ જાનું ટા. ૧૩૨–૧૩૩–૧૬૪–
૨૨૪–૨૫૯–૨૬૧–૨૯૫–૩૨૭–૩૬૫ અંક ૧૨ માં
૭ ભૂલનો સુધારો.
૮ પુસ્તકો અને તેના વાંચનની જરૂરીયાત. (ચંપકલાલ)
૯ ભારતવર્ષના ઇતિહાસનું રહસ્ય. (પ્રાચીન સાહિત્ય)
૧૦ પ્રસ્તાવિક દુહા સાર્થ. (ડાહ્યાભાઈ મલુકચંદ)
૧૧ શત્રુંજય ઉપર મૂળનાયકની પૂજા તથા ફુલ સંબંધી વિચારો.
૧૨ સંવત્સરી અને ખમતખામણાનાં પત્રો. (પુરૂષોત્તમ વીરચંદ)
૧૩ જૈન ભાઈઓ ! જાગશો કે ? (પોપટલાલ ત્રિભુવનદાસ)
૧૪ હિતશિક્ષા. (રાજપાળ મગનલાલ)
૧૫ એક પ્રશ્ન. (એક શ્રાવિકા.)
૧૬ એક સાવચેતી.
૧૭ જૈનબંધુઓ સહાય આપો.
૧૮ એક શ્રાવિકાના એક પ્રશ્નનો ઉત્તર (તંત્રી)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૧૯ કાયમ વપરાતા શબ્દોમાં સુધારો. | (તંત્રી) | ૨૨૫ |
| ૨૦ કેશર સંબંધી અમારો નિર્ણય. | (તંત્રી) | ૨૫૫ |
| ૨૧ એક ઓળખાણ | (તંત્રી) | ૨૯૩ |
| ૨૨ શ્રી કેળવણી પાઠ-૫ | (સ. ક. વિ) | ૩૩૩ |
| ૨૩ એજ્યુકેશન બોર્ડ અને વિદ્યાર્થી વર્ગ. | (મોહનલાલ દી. ચોકસી) | ૩૫૮ |
| ૨૪ આપણો હવે પછીનો માર્ગ. | ,, | ૩૬૦ |
| ૨૫ સ્ફુટ નોંધ અને ચર્ચા. | ( તંત્રી ) | ૧૩૧ |


પેટા લેખ ગણતાં કુલ લેખ ૩૮

## ૫ વર્તમાન સમાચારને લગતા લેખો.

(ટાઇટલ પેજ ઉપર આપેલા સિવાયના.)


| | | |
|---|---|---|
| ૧ ભાવનગરમાં મહોત્સવ. | | ૨૮ |
| ૨ શ્રી વેરાવળમાં દીક્ષાપ્રસંગે મોટી સખાવત. | | ૩૩ |
| ૩ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં જૈનસાહિત્ય વિભાગ. અંક ૧ લાનું ટાઇટલ | | |
| ૪ પાલીતાણા રાજ્યની પાપવૃત્તિ. | ( સૌરાષ્ટ્ર પત્ર ) | ૬૪ |
| ૫ પાલણપુરમાં જ્ઞાનોત્સવ. | | ૮૪ |
| ૬ વર્તમાન સમાચાર. | ૧૯૭–અંક ૮ માનું ટા.—૨૯૪–૪૦૦ | |
| ૭ ઉપધાનક્રિયા. | | ૨૩૦ |
| ૮ અત્યંત ખેદકારક નોંધ. | | ૨૯૨ |
| ૯ શ્રી અંતરિક્ષજીના મંદિરના કેસનો ચુકાદો. | | ૩૬૮ |
| ૧૦ સભાને મળેલી ઉદાર દિલની સખાવત. | | ૪૦૨ |


પેટા લેખ ગણતાં કુલ લેખ ૧૩

એકંદર લેખો ૧૫૩ પેટા-ભાગ સાથે પાંચ પ્રકારના મળીને લેખો ૨૦૨.

**નોંધ**—આ વર્ષના ૧૨ અંકના પેજ ૩૮૪ ઉપરાંત અંક ૧ લામાં પૃષ્ઠ ૨, અંક બીજામાં પૃષ્ઠ ૮, અંક ૪ થામાં પૃષ્ઠ ૮, અંક ૯ મામાં પૃષ્ઠ ૨, અંક ૧૧મામાં પૃષ્ઠ ૮, અને અંક ૧૨મામાં પૃષ્ઠ ૨ કુલ પૃષ્ઠ ૨૨ વધારે આપવાથી પૃષ્ઠાંક ૪૦૬ થવા જોઇએ છતાં અંક ૧૩૫ થી ૧૩૮ બે વાર છપાવાથી પૃષ્ઠ ૪૦૨ થયેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीयशोविजय जैन ग्रंथमाला

## हेरीसरोड–भावनगर

अमारे त्यांथी मलतां अपूर्व अने अलभ्य पुस्तको जल्दी मंगावी ल्यो.

१ विशेषावश्यकभाष्य-सटीक–

जैन सिद्धान्तनो खजानो । भंडारो अने पुस्तकालयोमां तो एक एक कापी राखवीज जोइये । थोड़ा वखतमां संभव छे अमारे सो रुपिया किमत करवी पड़े। माटे चेतवुं ठीक छे । ४०–०–०

२ अभिधान चिंतामणि-कोश—

कलिकाल सर्वज्ञ प्रभुश्रीहेमचन्द्राचार्यने कोण नथी जाणतुं ? तेमनोज आ स्वोपज्ञ टीकावालो कोश । थोडुं घणुं संस्कृत जाणनार तमामने बल्के साक्षर मात्रने उपयोगी । कारण के अंतमां शब्दोनी अनुक्रमणिका एवी सुंदर रीते आपी छे के कोई पण शब्द कोई पण माणस झटकाढी शके। बेभागो–पाका बाइंडिंग साथे ( प्रथम भागनी किं० ४-०-० बीजानी ३-०-० ) ७-०-०

३ जैनतर्क वार्त्तिक-शान्त्याचार्यनी टीका युक्त—

एक जैनेतर बुकसेलर आ ग्रंथनी उपयोगिता पर मुग्ध थयो । तेणे छपाव्यो अने जैनेतरोमां प्रचार पण कर्यो । जैनो हजु पोताना आ अत्युपयोगी ग्रंथने जोवा पण नथी पाम्या। न्यायना क्षेत्रमां प्रवेश करवा माटे तो आ ग्रंथ सुंदर दरवाजा रूप छे। थोड़ी नकलो अमारी पासे छे । २–०–०

४ उत्तराध्ययन सूत्र भा० १ लो, कमलसंयमी टीका युक्त—

उत्तम प्रकारना लेजर सीत्तर रतली कागलो ऊपर निर्णयसागर प्रेसमां, सारा म्होटा टाईपोमां पत्राकारे छपाववामां आवेल छे । खप पुरती नकलो छपावी छे । बीजो भाग [illegible] छे ? तेनी [illegible] छे । [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... मंजरी—भा० १ लो।

... साहित्यनो अनुपमग्रंथ। आसड कविनी अमूल्य प्रसादी। २-०-०

६ ...नाथ चरित्र, अंग्रेजी—

...रिकाना विद्वाने अनुवाद करी छपावेल छे। अंग्रेजी जैन ग्रंथो वांचवानो के संग्रहवानो शोख होय तो वगर विलंब मंगावो। १२-०-०

७ उत्तराध्ययन सूत्र—

अंग्रेजी विस्तृत प्रस्तावना अने मूल ग्रंथ संस्कृत टाईपमां। पाठान्तरो सहित। विलायतमां छपायेल, बे भाग। २२-०-०

८ सूरीश्वर अने सम्राट्—

पहेली आवृत्ति खपी गई अने बीजी आवृति अनेक सुधारा-वधारा साथे बहार पडी, एज एनी उत्तमता। अकबर अने जहांगीरे जैनोने आपेलां छ अप्रसिद्ध ...नो, अकबर अने जहांगीरनां चित्रो, श्रीहीरविजयसूरि महाराजनी ते वख-तनी मूर्तिनो फोटू अने हीरविजयसूरिना विहारनो नकशो—आ वस्तु आ ग्रंथनी उपयोगिता अने शोभामां वधारो करी रह्यां छे। उत्तम एन्टीक कागलो ऊपर अने सुंदर कपडाना पाका बाइडिंग साथे बहार पडेल छे। ( एन० एम० त्रिपाठी काळबादेवी, मुंबई अने जीवनलाल अमरशी म्हेता, पीरमशा रोड, अमदावाद एमने त्यांथी पण आ ग्रंथ मली शकशे। ३-८-०

९ सूरीश्वर अने सम्राट् अकबर हिन्दी—

ऊपरनाज ग्रंथनो आ हिन्दी अनुवाद छे। आनी प्रस्तावना अजमेर म्यूझि-यमना क्यूरेटर हिंदी साहित्यना वयोवृद्ध,ज्ञानवृद्ध प्रसिद्ध लेखक रायबहादुर पंडित गौरीशंकर हीराचंद ओझा महाशये लखी छे। ४-८-०

१० ऐतिहासिक राससंग्रह भा० १ लो—

ऊपरनां पुस्तकोमांथी कोई पण एक पुस्तक मंगावनारने आ ग्रंथ भेटमां आपवानुं ठराव्युं छे।

११ ऐतिहासिक राससंग्रह भा० ३ जो—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रूपे सार पण आपवामां आव्यो छे। जीवन चरित्रोना रसिको अने जूनी गुजरातीना अभ्यासिओ-तमामने माटे उपयोगी छे। २-०-०

१२ ऐतिहासिक राससंग्रह भा० ४ थो—

आमां छे तो केवल 'विजयतिलकसूरिरास' ज, परन्तु तेमां छे विक्रमनी सत्तरमी शताब्दिमां जैन समाजमां चालेला विजय-सागरना विखवादी युद्धनो 'अथ' थी 'इति' सुधीनो इतिहास। एटले आ इतिहास तो जैन समाजनी दरेक व्यक्तिए जाणवोज जोइये। मूल रास अने तेनोसार गद्यमां सुंदर हेडींगो पाडी कथा तरीके आपवामां आव्यो छे, ते उपरांत ग्रंथना संशोधक मुनिराज श्रीविद्याविजयजीए लगभग ४० पानांनु एक तुलनात्मक 'निरीक्षण' पण लख्युं छे। २-८-०

१३ प्राचीनतीर्थ माला संग्रह भा० १ लो—

प्राचीन २५ तीर्थमालाओनो संग्रह। ऐतिहासिक अपूर्व ग्रंथ। स्वतन्त्र विवेचन साथ। क्षत्रियकुंड, कोशांबी, आदि प्राचीन तीर्थो अत्यारे जे स्थाने मानवामां आवे छे, तेज स्थानो खरां छे के तेमां फेरफार थयेलो छे अने फेरफार थयो छे तो मूलस्थान कयुं होवुं जोइये? इत्यादि बाबतो ऊपर ऐतिहासिक रीत्या खूब आलोचना करवामां आवी छे। २-८-०

१४ भरटक द्वात्रिंशिका—

सुरम्य, मनोरंजक सरल संस्कृत भाषामां ३१ नानी कथाओनो संग्रह। प्रस्तावना अंग्रेजीमां छे अने जर्मनीमां छपायेल छे। ३-०-०

१५ पंचाख्यान वार्तिक-कर्ता जिनविजयगणि (सं० १७३०)

प्राचीन गुजराती भाषानी ४८ कथाओनो संग्रह छे। वचमां संस्कृत सुललित सुंदर श्लोको मूकी कर्त्ताए आ ग्रंथ खूब रसदार बनाव्यो छे। जर्मनीमां छपायेल।

१६ लीटरेचर ऑफधी श्वेताम्बर ऑफ गुजरात— ३-१२-०

गुजरातना श्वेताम्बरोनुं साहित्य केवुं अने केटलुं छे? तेनुं महत्त्व शुं छे? इत्यादि बाबतो ऊपर लीप्झीग् (जर्मनी) युनिवर्सिटीवाला डा० जोहोन्स हर्टले एक विस्तृत सुंदर निबंध अंग्रेजीमां लख्यो छे तेज आ छे। २-०-०

१७ रेमिनिसेन्सेज ऑफ विजयधर्मसूरि—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... भारत अने जर्मन, इटाली, फ्रांस इग्लेंड आदि पाश्चात्यदेशोमां ... खुबाई गयो हतो; अने ते प्रसंगे जर्मन, इटली, फ्रांस, इग्लेंड आदि ... पत्रोमां, भारतवर्षना अंग्रेजी पत्रोमां, तेमज तारो–पत्रो अने भाषणो द्वारा ... स्मरणाञ्जलियो प्रकट थई हती तेमांनी घणी खरीनो आ अंग्रेजी ग्रंथमां समावेश करवामां आव्यो छे। हजारो स्मरणाञ्जलियो ते प्रसंगे मली हती, तेमां ... केटलीक आ ग्रथमां आपीछे। उत्तम एन्टीक पेपर उपर इन्डीयन प्रेस अलाहाबाद ... छपायेल छे। २–८–०

१८ विजयधर्मसूरि हिज लाइफ एन्ड वर्क।

जगत्पूज्य शास्त्रविशारद-जैनाचार्य श्रीविजयधर्मसूरिमहाराजनुं अंग्रेजी विस्तृत जीवन चरित्र। लखनार छे भावनगरना जज्ज श्रीयुत ए० जे० सुनावाला बी० ए० एल० एल० बी० विलायत–केम्ब्रीज युनिवर्सिटी प्रेसमां छपायेल, विलायतनां तमाम म्होटां म्होटां पत्रोमां तेमज मॉडर्न रीव्यु, कलकत्ता रीव्यु, विगेरे ... देशनां प्रसिद्ध पत्रोमां आग्रंथनी मुक्त कंठे प्रशंसा छपाई छे आ ग्रंथमां स्वर्गीय आचार्यश्रीनुं त्रणरंगनुं सुन्दर चित्र पण आपवामां आवेल छे, के जे विलायतमां छपायेल छे। ४–८–०

आसिवाय अमारी ग्रंथमालानां बीजां पुस्तको, जैनधर्म प्रसारक सभा–भावनगर, श्रीआत्मानंद सभा भावनगर, सरस्वती ग्रंथमाला आगरा आदि संस्थाओनां ... पण मलशे।

लखो—

श्रीयशोविजय ग्रंथमाला,

हेरीसरोड, भावनगर।

अथवा

श्रीविजयधर्मलक्ष्मी–ज्ञानमंदिर,

बेलनगंज, आगरा।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ.

## ૧ શ્રી નેમિનાથ પ્રભુનું ચરિત્ર.

આ શ્રી ગુણવિજય ગણિજી વિરચિત સંસ્કૃત ગદ્યબંધ ચરિત્રનું ભાષાંતર શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી વોરા. હઠીસંગ ઝવેરચંદ ભાવનગર નિવાસીની આર્થિક સહાયથી બહાર પાડવામાં આવ્યું છે. ભાષાંતર સારૂં થયેલું છે. ખાસ વાંચવા લાયક છે. બ્રહ્મચર્ય ધર્મને પુષ્ટિ કરનાર છે. વસુદેવના ચરિત્રે ઘણો ભાગ રોકેલો છે, તેમાં અંતર્ગત નળ દમયંતીનું ચરિત્ર પણ આવેલ છે. કિંમત રૂા. ૨) રાખેલ છે, સુંદર બાઈંડીંગથી બંધાવેલ છે, ખરીદ કરવા યોગ્ય છે,

## ૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર. ભાગ ૧ લો.

( પ્રકાશક-શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર. કિંમત રૂા. ૨-૦-૦ )

શ્રી લક્ષ્મણગણિ વિરચિત આ ચરિત્ર પ્રાકૃત ગાથાબદ્ધ છે, તેનું ભાષાંતર પંન્યાસજી શ્રી અજિતસાગરજી ગણિએ કરેલું છે. તે શ્રી વેરાવળ પાસે આદ્રી નિવાસી શ્રાવિકા મંદકોરે આપેલી આર્થિક સહાયથી છપાવેલ છે, બુકના પ્રમાણમાં કિંમત ઓછી છે. આ પહેલા વિભાગમાં શ્રી સુપાર્શ્વનાથજીની ધર્મદેશના આવે છે, તેમાં બીજા વ્રતના અતિચાર સુધી હકીકત આવેલી છે. બીજો ભાગ હવેનું આવડોજ થવા સંભવ છે, આ બુકમાં સોળપેજી ૫૦૦ પૃષ્ટ ઉપરાંત છે. અંદર આવેલી હકીકત ખાસ વાંચવા લાયક છે, જિનેશ્વરની દેશનામાં તો હદ વાળી છે, આવી બુકો ગુર્જર ભાષાના વાંચકોને ખાસ ઉપકારક છે,

## ૩ જૈન દર્શન.

( ષડ્ દર્શન સમુચ્ચય સટીકમાંથી જૈન દર્શન માટે લખાયેલા મૂળ શ્લોકો તથા તેની ટીકાનો ગુજરાતી અનુવાદ, )

( અનુવાદક–પંડિત બહેચરદાસ જીવરાજ. પ્રકાશક–મનસુખલાલ રવજીભાઈ મહેતા, રાજકોટપરા. કિં. રૂા. ૨–૦–૦ )

---

આ બુકની અંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજના રચેલા પ્રસ્તુત ગ્રંથની અંદર જૈનદર્શનને અંગે આપેલા ૧૪ શ્લોકનું ને તેની ટીકા શ્રી ગુણરત્નસૂરિજીએ કરેલી છે, તેનું તેટલા વિભાગનું ભાષાંતર આપેલું છે. પ્રારંભમાં પ્રસ્તાવના તરીકે ગણી શકાય તેવી અનેક હકીકતો પૃષ્ઠ ૧૨૧ માં આપેલી છે, તેની અંદર અનુવાદકે ઘણો પ્રયાસ કરેલો છે, અને ઘણી બાબતો સમાવેલી છે. છએ દર્શનનો સમન્વય કરવામાં તેમજ હરિભદ્રસૂરિજીના સમયનિર્ણયમાં સારી વિદ્વત્તા જણાવી છે, આગળ ગ્રંથના ભાષાંતરમાં પણ દેવ, ઈશ્વરવાદ, સર્વજ્ઞવાદ, કવલાહારવાદ, નવતત્ત્વ [ જીવવાદ, અજીવવાદ, પુણ્ય પાપ આશ્રવવાદ, સંવર અને બંધ, નિર્જરા અને મોક્ષ, ] સ્ત્રીમોક્ષવાદ, પ્રમાણવાદ, વિગેરે મથાળા નીચે ગ્રંથકારની ઉક્તિને બહુ સારીરીતે સ્પષ્ટ કરેલ છે, દ્રવ્યાનુયોગનું જ્ઞાન મેળવવાના જીજ્ઞાસુઓએ ખાસ વાંચવા લાયક છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો. સ્થંભ ૪-વ્યાખ્યાન ૬૧
આની બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ. ૨) રાખેલ છે.

---

શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર.
[અષ્ટપ્રકારી પૂજા ઉપર ૮ કથા યુક્ત]
આ બુકની પણ બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ. ૦-૮-૦

---

## નીચે જણાવેલી બુકો પણ અમારે ત્યાં મળશે.

### ભાવનગર-જૈન સસ્તી વાંચનમાળાની.

| | |
|---|---|
| ૧ શ્રી મહાવીર પરમાત્માના દશ શ્રાવકો | ૧-૪-૦ |
| ૨ શ્રી કુમારપાળ મહારાજા અને હેમચંદ્રાચાર્ય | ૧-૪-૦ |
| ૩ મુક્તિમાર્ગ દર્શક—ભક્તિમાળા | ૦-૮-૦ |
| ૪ ચંદનબાળા મહાસતીનું ચરિત્ર | ૦-૩-૦ |

---

૫ શ્રી અભયકુમાર મંત્રીશ્વરનું ચરિત્ર. વિભાગ ૨ જો
લેખક ને પ્રકાશક શા. મોતીચંદ ઓધવજી—ભાવનગર કિંમત રૂ ૩)

**શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે તૈયાર કરી છપાવેલ**

૬ સંસ્કૃત સ્વયંશિક્ષક કિંમત રૂા. ૧-૪-૦

આ છએ બુકો દશ અથવા વધારે મંગાવશે તેમને યોગ્ય કમીશન આપવામાં આવશે.
તંત્રી

---

### વાર્તાના રસિયા માટે નાના નાના ચરિત્રો

| | | | |
|---|---|---|---|
| ૧ [illegible] કથા. | ૦-૩-૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦-૩-૦ |
| ૩ [illegible] ચરિત્ર. | ૦-૪-૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦-૪-૦ |
| ૫ [illegible] વિગેરેની કથા. | ૦-૩-૦ | ૬ યશોધર ચરિત્ર | ૦-૬-૦ |
| ૭ [illegible] ઉપર ૧૨ કથા. | ૦-૪-૦ | ૮ [illegible] કથા. | ૦-૩-૦ |
| ૯ [illegible]ની કથા. | ૦-૩-૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦-૩-૦ |
| ૧૧ [illegible] ચરિત્ર. | ૦-૩-૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦-૩-૦ |
| ૧૩ [illegible] ચરિત્ર | ૦-૩-૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર | ૦-૩-૦ |
| ૧૫ [illegible]સુંદરી ચરિત્ર. | ૦-૩-૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦-૬-૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.

---

શ્રી ઉપરાણા પાંજરાપોળ લોટરી. હેડ ઓફીસ—ભાવનગર.
**સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.**
ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી.
લોટરીનું ડ્રોઈંગ તા. ૧૩-૪-૨૪ રામનવમીના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૦. એક ટીકીટની કિંમત રૂ ૧). ઈનામોની સંખ્યા ૭૧૬ છે. મોટું ઈનામ રૂ. ૧૫૦૦) નું છે.
ભાગ્ય અજમાવવાની સુંદર તક લાભ લ્યો.

For Private And Personal Use Only